**આજનો સુવિચાર**

જે મહાન હેતુ માટ મૃત્યુ પામે છે તેમની કદી પણ હાર થતી નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૩૧ જૂનાગઢ તા.૧૭-૦૧-૨૦૨૫ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 31, Junagadh : Date : 17 January, 2025, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay




## આગામી બજેટમાં લોકોને વ્યાપક અપેક્ષાઓ - રોજગારને પ્રાથમિકતા - આવકવેરા દર ઘટે તેવી આશા : સર્વેના તારણો

### સરકાર મધ્યમવર્ગને રાજી કરવાનો પ્રયાસ કરશે : ઢગલાબંધ રાહતો મળવાની શકયતા

નવી દિલ્હી, તા.૧૭

આગામી બજેટને લઈને કરવામાં આવેલા સર્વેમાં મોટા ભાગના લોકોએ જણાવ્યું હતું કે હવે આવકવેરામાં ઢીલ આપવાનો સમય આવી ગયો છે અને બજેટમાં રોજગાર સર્જનને પ્રાથમીકતા આપવી જોઈએ.

સર્વેમાં પૂછવામાં આવ્યું હતું કે સરકારે બજેટને કઈ દિશા આપવી જોઈએ આ સર્વેની એક કોપી કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારામને રજૂ કરવામાં આવી હતી.

સર્વેક્ષણના પરિણામો મુજબ લોકોએ દીર્ઘકાલિક લક્ષ્યોની તુલનામાં અલ્પ કાલિક સરકારી યોજનાઓને પ્રાથમિકતા આપી છે. જો કે રોજગાર સર્જન બધા માટે ઉચ્ચ પ્રાથમિકતા હતી. સર્વેમાં આવક વેરા દરોમાં થયેલા ફેરફારોને લઈને વ્યાપક અસંતોષ, ખાસ કરીને પગારદાર પ્રોફેશનલ્સ ઘણા નિરાશ હતા. વર્તમાન સરકારનું બીજું સામાન્ય બજેટ રજૂ થવાનું છે, જે મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકારના ત્રીજા કાર્યકાળનું પહેલું બજેટ હશે. બજેટ એવા સમયે રજૂ થઈ રહયું છે જ્યારે મધ્યમ વર્ગ કેન્દ્ર સરકાર પાસેથી રાહતની માંગ કરી રહયો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, મધ્યમ વર્ગને આર્થિક સ્તરે ઘણા પડકારોનો સામનો કરવો પડયો છે. આ વર્ગ લાંબા સમયથી ભાજપનો પ્રતિબદ્ધ મતદાતા વર્ગ રહયો છે અને લાંબા સમય પછી, જાહેર પ્લેટફોર્મ પર તેનો નારાજગી દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં, ભાજપ માટે તેમની માંગણીઓને અવગણવી સરળ રહેશે નહીં.

છેલ્લા કેટલાક મહિનામાં, સોશિયલ મીડિયા પર સૌથી વધુ ચર્ચિત વિષય ટેક્સ હતો. મધ્યમ વર્ગમાં એવી છાપ ઉભી થઈ છે કે સરકાર તેના હિત પ્રત્યે ગંભીર નથી. તેમનો આરોપ છે કે સરકાર તેમનો ટેકો લે છે, પરંતુ જ્યારે બદલામાં કંઈક આપવાની વાત આવે છે, ત્યારે તેમને સંપૂર્ણપણે અવગણવામાં આવે છે. કોવિડ સમયગાળા દરમિયાન, આ વિભાગે પરિસ્થિતિને પાટા પર લાવવાની તક આપી. હવે પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ છે, તેથી તેણે ફરીથી પોતાની માંગણીઓ અંગે અવાજ ઉઠાવવાનું શરૂ કર્યું છે.

ચૂંટણીઓમાં મફત ભેટોનો ટ્રેન્ડ જે રીતે વધ્યો છે, તેનાથી મધ્યમ વર્ગને એવું લાગવા લાગ્યું છે કે રાજકીય રીતે તેની સંપૂર્ણપણે અવગણના કરવામાં આવી છે અને તેના હિત વિશે બોલવા માટે કોઈ બચ્યું નથી. સરકાર પણ આ વર્ગના ગુસ્સાથી વાકેફ છે.

## ૨૦૨૬ના અંત સુધીમાં આઠમા પગારપંચની ભલામણોનો અમલ કરાશે કેન્દ્રીય કર્મચારીઓનું લઘુતમ વેતન રૂા.૫૧૦૦૦ થઈ જશે

નવી દિલ્હી તા.૧૭

૭મું વેતન પંચ વારસામાં મળ્યા બાદ કેન્દ્રની મોદી સરકારે આઠમાં વેતન પંચની રચના અંગે લાંબો સમય સુધી ઈન્કાર ભર્યુ વલણ રાખ્યુ હતું અને સંસદમાં પણ તે દર્શાવ્યુ હતું પણ અચાનક જ જે રીતે ગઈકાલે કેન્દ્રીય કેબીનેટ દ્વારા આઠમાં પગારપંચની રચનાની જાહેરાત કરી કેન્દ્ર સરકારના એક કરોડથી વધુ કર્મચારીઓને સુખદ આશ્ચર્ય આપ્યું અને પેન્શનરોને પણ ભવિષ્યના લાભની ગેરેન્ટી આપી છે.

આઠમા પગારપંચની ભલામણો પર આગામી વર્ષના અંત સુધીમાં અમલ થઈ જશે. જેમાં કેન્દ્રીય કર્મચારીઓને લઘુતમ વેતન રૂા.૫૧૦૦૦ મળશે જયારે પેન્શન રૂા.૨૭૫૦૦ હશે. જયારે જાન્યુઆરી ૨૦૨૬ થી એરીયર્સ ગણાશે. દિલ્હી વિધાનસભા ચૂંટણી સમયે જ કેન્દ્ર સરકારે આ દાવ ખેલ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

તેનાથી અનેક રાજકીય અર્થ પણ તારવવામાં આવી રહ્યા છે. ખાસ કરીને દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી છે અને પાટનગર એ કેન્દ્રીય કર્મચારીઓનુ 'ઘર' છે જેથી અહીના વિશાળ કેન્દ્રીય કર્મચારીઓ અને તેના કુટુંબીજનો તથા પેન્શનર્સ-ફેમીલી તે સાથે રાખવા ભાજપે પ્રયાસ કર્યા છે.

## વિશ્વના સૌથી શક્તિશાળી દેશોની યાદી જાહેર અમેરીકા નં.૧ : ભારતનો પાંચમો ક્રમ

વોશિંગ્ટન, તા.૧૭:

ગ્લોબલ ફાયરપાવર દ્વારા વર્ષ ૨૦૨૫ માટે લશ્કરી શક્તિઓનું રેન્કિંગ જાહેર કરવામાં આવ્યું છે. આ યાદીમાં કુલ ૧૪૫ દેશો છે. જેમાં, ટોચના ૩ એટલે કે સૌથી શક્તિશાળી દેશો અમેરિકા, રશિયા અને ચીન છે. આ યાદીમાં અમેરિકા ટોચ પર છે અને રશિયા લશ્કરી શક્તિમાં બીજા ક્રમે છે. ત્રીજો સૌથી શક્તિશાળી દેશ ચીન છે. ભારતે પણ યાદીમાં ટોપ-૫માં સ્થાન મેળવ્યું છે, ભારત ચોથા સ્થાને છે. દક્ષિણ કોરિયા પાંચમા ક્રમે છે. ગત વર્ષે, ૨૦૨૪ માં પણ, આ પાંચ દેશો ટોચ પર હતા, એટલે કે, પ્રથમ પાંચ સ્થાનોમાં કોઈ ફેરફાર થયો નથી.

૧૦ સૌથી મોટી શક્તિઓની વાત કરીએ તો, બ્રિટન છઠ્ઠા ક્રમે, ફ્રાન્સ સાતમા ક્રમે, જાપાન આઠમા ક્રમે, તુર્કી ૯માં ક્રમે અને ઈટાલી દસમા ક્રમે છે. આ વર્ષે પાકિસ્તાન ટોપ ૧૦ માંથી બહાર થઈ ગયું છે. પાકિસ્તાન ૧૨મા નંબર પર છે. ગત વર્ષે, પાકિસ્તાન વૈશ્વિક લશ્કરી શક્તિની દ્રષ્ટિએ ૯મા ક્રમે હતું. આ વખતે, તે ત્રણ સ્થાન ગુમાવ્યું છે. પાકિસ્તાન ઉપરાંત ઓસ્ટ્રેલિયા અને યુક્રેનનું રેકિંગ પણ આ વર્ષે નીચે ગયું છે.

## કંગના રનૌતની ફિલ્મ ઈમરજન્સી પર પ્રતિબંધ લાદવા શીખ સંગઠનની માંગણી




અમૃતસર તા.૧૭

કંગના રનૌતની ફિલ્મ ઈમરજન્સી આગામી તા.૧૭ જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે. આ દરમિયાન શીખ સંગઠન શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિએ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. SGPC પ્રમુખ હરજિન્દર સિંહ ધામીએ પંજાબ સરકાર પાસે આ માંગ ઉઠાવી છે. કંગના રનૌત આ ફિલ્મની મુખ્ય અભિનેત્રી છે અને હિમાચલ પ્રદેશની મંડી લોકસભા સીટથી સાંસદ છે

ધામીએ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને પત્ર લખીને જણાવ્યું હતું કે ભાજપની સાંસદ કંગના રનૌત દ્વારા નિર્મિત ફિલ્મ 'ઈમરજન્સી' ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ પંજાબના વિવિધ શહેરોમાં રિલીઝ થવા જઈ રહી છે અને તેની ટિકિટનું બુકિંગ પણ શરૂ થઈ ગયું છે.

તેમણે કહ્યું કે એસજીપીસીએ ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ વચગાળાની સમિતિના ઠરાવ દ્વારા આ ફિલ્મ અંગે પંજાબ સરકારના મુખ્ય સચિવને પત્ર લખીને પંજાબમાં કંગના રનૌતની ફિલ્મ ઈમરજન્સી પર પ્રતિબંધની માંગણી કરી છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે 'ઈમરજન્સી' ફિલ્મને પંજાબમાં ચલાવવા દેવામાં આવશે નહીં, કારણ કે તે શીખોને બદનામ કરવાના હેતુથી રાજકીય રીતે બનાવવામાં આવી છે.

## મોરોક્કો નજીક બોટ પલ્ટી જતાં ૪૪ પાકિસ્તાની નાગરીકોના મોત

રબાત (મોરોક્કો), તા.૧૭:

પાકિસ્તાને જણાવ્યું હતું કે સ્પેન પહોંચવાનો પ્રયાસ કરી રહેલી ૮૦ પ્રવાસીઓને લઈ જતી એક બોટ મોરોક્કો નજીક પલટી ગઈ હતી, જેમાં ૪૦ થી વધુ પાકિસ્તાની નાગરિકોના મોત થયા છે. પ્રવાસી અધિકાર જૂથ વૉકિંગ બોર્ડર્સે જણાવ્યું હતું કે બોટ પલટી જતાં ૫૦ થી વધુ લોકો ડૂબી ગયા હતા.

ગત તા.૨ જાન્યુઆરીના રોજ મોરિટાનિયાથી નીકળ્યા બાદ ૬૬ પાકિસ્તાનીઓ સહિત ૮૬ પ્રવાસીઓને લઈ જતી બોટ પલટી ગયા બાદ મોરક્કન અધિકારીઓએ ૩૬ લોકોને બચાવ્યા હતા. વૉકિંગ બોર્ડર્સના સીઈઓ હેલેના માલેનોએ X પર જણાવ્યું હતું કે ડૂબી ગયેલા ૪૪ લોકો પાકિસ્તાનના હોવાનું માનવામાં આવે છે.

## અમદાવાદ-ઈન્દોર હાઈવે પર કાર પલ્ટી ગઈ : ૪ના ઘટનાસ્થળે જ મોત

નડિયાદ તા.૧૭

અમદાવાદ-ઈન્દોર હાઈવે પર ગત રાત્રિ દરમિયાન ઈકો કાર અને ગાય વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અમદાવાદથી ઓઢવાડ જતી વખતે અચાનક હાઈવે પર ગાય આવી જતાં કારચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને કાર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર પાંચ લોકોમાંથી ચાર લોકોનાં ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યાં હતાં. મૃતકો બાલાસિનોરના રહેવાસી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. રોડ વચ્ચે એકાએક ગાય આવી ગઈ હતી. જેથી ઈકો કાર ચાલકે કારના સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા આ કાર ડિવાઈડર પર ચઢી ગઈ હતી. ત્યારબાદ લાઈટના લોખંડના પોલ સાથે અથડાઈ હતી. કારમાં સવાર કાર ચાલક સહિત ૪ લોકોના ઘટના સ્થળે કમકમાટીભર્યા મોત નિપજયા હતા.

## સૈફઅલીખાન પર હુમલો કરવાની ઘટનામાં સંધિગ્ધ વ્યક્તિની ધરપકડ

મુંબઈ તા.૧૭



ગઈકાલે વહેલી સવારે મુંબઈના બાંદ્રા સ્થિત હાઈ સિકયુરીટી જોનમાં આવેલા સૈફ અલીખાનના ફલેટમાં ઘુસીને સૈફ અલીખાન પર ચાકુના ૬ ઘા જીંકવાના બનાવમાં મુંબઈ પોલીસને આજે મહત્વની સફળતા મળી છે. અહેવાલો અનુસાર મુંબઈ પોલીસે એક સંધિગ્ધ વ્યક્તિની ધરપકડ કરી લીધી છે. અને તેને બાંદ્રા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો છે. સૈફ અલીખાનના ઘરમાં ઘુસનાર સંધિગ્ધ વ્યક્તિ સીસીટીવી કેમેરામાં પણ ઝડપાયો હતો. તેના આધારે પોલીસે આ વ્યક્તિની ધરપક કરી લીધી હોવાનું માનવામાં આવે છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

KANERIA HOSPITAL & I.C.U.

**ડો. મૌલિક વી. કનેરીયા**
એમ.ડી. (મેડીસીન)

એપોઈન્ટમેન્ટ માટે
મો. ૯૯૧૩૩ ૪૦૮૦૫
ફોન : (૦૨૮૫) ૨૬૩૪૯૫૧, ૨૬૩૫૯૫૧
ઈમરજન્સી : ૯૯૦૪૨ ૪૦૮૦૫, ૯૫૧૨૪ ૪૦૮૦૫

દ્વારકાધીશ માર્કેટ-એ, પહેલા માળે,
ગ્રીનક્રોસ લેબોરેટરીની ઉપર, સરદારબાગ, જૂનાગઢ

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના ૪૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ચંદુભાઈ મારવાણીયા
મો.૯૯૭૯૨ ૮૮૬૦૭ / મો.૮૩૨૦૩ ૭૮૬૩૪

**ઉમીયાજી સીંગતેલ મીની ઓઈલ મીલ**

મગફળીનું ડબલ ફિલ્ટર શુધ્ધ સિંગતેલ મળશે.

સીંગતેલ લેવા માટેનું સ્થળ :
ઉમીયાજી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
શુભમ કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

શ્રી મંદિરની પાછળ, ગામઠી હોટલ પાસે,
ખામધ્રોળ ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક


દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ,
૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર

**હરિ-કલા**
યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે,
જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪




વિશ્વ સંવાદ કેન્દ્ર, સૌરાષ્ટ્ર પ્રાંત, રાજકોટ દ્વારા

# રાજકોટમાં સંઘના સર કાર્યવાહક શ્રી દત્તાત્રેય હોસબોલેજીના હસ્તે "સેવા ભારતી ભવન" જનસેવામાં સમર્પિત : સૌરાષ્ટ્ર-કચ્છમાં "સેવાકીય કાર્યો થકી સર્જાશે ક્રાંતિ"

**"આપણે બધા એક રાષ્ટ્ર છીએ, સમાજસેવારૂપી યજ્ઞમાં લોકો સમર્પણરૂપી સમધિની આહુતિમાં જોડાઈ : સેવા માટે સંવેદના, કર્તવ્યભાવ તેમજ સમાજ માટે પોતાપણાનો ભાવ મહત્વના : શ્રી દત્તાત્રેય હોસબોલે : વ્યક્તિના ચરિત્ર નિર્માણ થકી માનવતાના સંવર્ધનનું મહા અભિયાન સંઘ દ્વારા ચાલી રહ્યું છે ; નવનિર્મિત સેવા ભવનમાં મકર સંક્રાંતિના પાવન પર્વે સૂર્યની પહેલી કિરણ સાથે જ ૧૯માંથી ૧૫ સેવા પ્રકલ્પોનો મંગલ પ્રારંભ : સેવા ભારતી ભવન માટે અનુદાન, સમયદાન આપનારા દાતાઓનું સન્માન કરાયું**







(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૭

આપણે બધા એક રાષ્ટ્ર છીએ આ ભાવ આપણામાં આવવો જોઈએ. આપણી પાસે જે કૌશલ્ય, જ્ઞાન, શિક્ષણ, સમય વગેરે વસ્તુઓ વહેંચીને સેવા કાર્ય કરવા જોઈએ. વર્તમાન સમયમાં સમાજ નિર્માણ માટે ચરિત્ર નિર્માણને આવશ્યક. વ્યક્તિના ચરિત્ર નિર્માણ થકી માનવતાના સંવર્ધનનું મહા અભિયાન સંઘ દ્વારા ચાલી રહ્યું છે, જ્યારે સમાજ માટે કોઈ સેવા કાર્ય શરૂ થાય છે ત્યારે તેમાં નાગરિકોનો સતત સહયોગ મળતો રહે છે. આ સહયોગ કોઈ દાન આપવાના ભાવ સ્વરૂપે નહીં પણ સમાજમાં પોતાની ભૂમિકા નિભાવવાના હેતુથી લોકો કરતા હોય છે. આ રીતે સમાજસેવારૂપી યજ્ઞમાં લોકો સમર્પણરૂપી સમિધની આહુતિ આપતા હોય છે. હાલ સંઘનું શતાબ્દી વર્ષ શરૂ થઈ રહ્યું છે, આ સાથે હાલમાં પૂર્ણ મહાકુંભનો પ્રયાગરાજમાં પ્રારંભ થયો છે, તેમજ આજે મકરસંક્રાંતિ પણ છે. આમ અનોખા ત્રિવેણી સંગમે સેવા ભારતી ભવનનું લોકાર્પણ એક યાદગાર સ્મૃતિ બની રહેશે. સેવા માટે તેમણે સંવેદના, કર્તવ્ય ભાવ તેમજ સમાજ માટે પોતાપણાનો ભાવ મહત્વના ગણાવ્યા હતા. આ સાથે સ્વામી વિવેકાનંદજીને યાદ કરતા કહ્યું હતું કે, સ્વામીજીએ સેવા અને ત્યાગને ભારતીય અધ્યાત્મના બે મહાન આદર્શો ગણાવ્યા હતા. સેવા ભારતીનો પ્રારંભથી આ જ ધ્યેય રહ્યો છે તેમ વિશ્વ સંવાદ કેન્દ્ર, સૌરાષ્ટ્ર પ્રાંત, રાજકોટ દ્વારા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર કાર્યવાહ શ્રી દત્તાત્રેય હોસબોલેજીના હસ્તે રાજકોટમાં મકર સંક્રાંતિના પાવન પર્વે સેવા ભારતી- ગુજરાતના નવનિર્મિત "સેવા ભારતી ભવન પ્રાંત કાર્યાલય" જનસેવામાં સમર્પિત કરતા કહ્યું હતું. મકર સંક્રાંતિના પાવન પર્વે સૂર્યની પહેલી કિરણ સાથે રાજકોટમાં અમુલ સર્કલ નજીક બનેલા સેવા ભારતી ભવનનો લોકાર્પણ સમારોહ શરૂ થયો. સવારમાં કળશ સ્થાપન સાથે સમરસતા યજ્ઞ શરૂ થયો. ત્યારબાદ સેવા ભારતી ભવનના પહેલા માળે ઓડિટોરિયમ ખાતે સંઘના સર કાર્યવાહ શ્રી દત્તાત્રેય હોસબોલેજીની અધ્યક્ષતામાં લોકાર્પણ સમારોહ શરૂ થયો. આ તકે શ્રી દત્તાત્રેયજી હોસબોલેએ સંબોધનમાં કહ્યું હતું કે, સેવા ભારતીનું કાર્ય અહીં અત્યારે શરૂ થયેલા ૧૯ પ્રકલ્પો રોકાવાનું નથી. એ સતત ચાલતું રહેવાનું છે. મહત્વનું છે કે, આજે સેવા ભારતી ભવનના પ્રારંભની સાથે જ ૧૫ જેટલા સેવા પ્રકલ્પોની મહાનુભાવોના હસ્તે શરૂઆત કરવામાં આવી. તેમણે કહ્યું હતું કે, સંઘના સ્વયંસેવકો કોઈ ભવન કે યુનિવર્સિટીમાં સેવાકાર્યો શીખ્યા નથી પરંતુ શાખામાં રમતા રમતા આ સમાજને પોતાનો ગણીને પ્રેમભાવથી સેવા કરતા રહે છે. કોઈપણ કાર્યની સિદ્ધિ માટે બહારના ઉપકરણો કરતા અંદરનું સત્વ વધુ મહત્વનું છે. અંદરનું સત્વ જગાડીને સેવા કાર્ય શરૂ થાય, પછી તેમાં બહારના સંસાધનો અને ઉપકરણો આપમેળે જોડાતા જાય છે. સમાજ માટે જ્યારે સેવા કરીએ ત્યારે તેનું મૂલ્યાંકન જરૂરી છે. તેનાથી ગુણવત્તામાં વધારો થાય અને સેવા કાર્ય વધુ અસરકારક રીતે થઈ શકે છે. કાર્યક્રમના પ્રારંભે સેવા ભારતીના ટ્રસ્ટી અને વિભાગ સંઘચાલક ડો. સંજીવ ઓઝાએ સ્વાગત પ્રવચન સાથે સેવા ભારતીનો પરિચય આપ્યો તેમ જ સૌનો આભાર પ્રગટ કર્યો. દીપ પ્રાગટ્ય બાદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રાજકોટમાં ચાલતા સેવા કેન્દ્રમાંથી સંસ્કારીત થયેલી બાલિકાઓએ શ્લોક ગાન કર્યું. આ તકે સેવા ભારતી ભવન માટે અનુદાન, સમયદાન આપનારા દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજકોટના પ્રથમ મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, પશ્ચિમક્ષેત્ર સંઘ ચાલક તથા સેવા ભારતી ગુજરાતના અધ્યક્ષ ડો. જયંતીભાઈ ભાડેશીયા, તેમજ સેવા ભારતી ગુજરાતના મંત્રી ગિરીશભાઈ પટેલ અને ટ્રસ્ટી નરેન્દ્રભાઈ દવે અને નારણભાઈ વેલાની સાથે સમાજના અન્ય વિશેષ મહાનુભાવો ક્ષેત્ર પ્રચારક ડો. ચિંતનભાઈ ઉપાધ્યાય, સૌરાષ્ટ્ર પ્રાંત સંઘચાલક મુકેશભાઈ મલકાણ, પ્રાંત કાર્યવાહ મહેશભાઈ ઓઝા, પ્રાંત પ્રચારક મહેશભાઈ જીવાણી, પ્રાંત કાર્યકારીણીના મુખ્ય સદસ્યો, રાજ્યના મંત્રી સર્વ રાઘવજીભાઈ પટેલ, મંત્રી ભાનુબહેન બાબરીયા, મુળુભાઈ બેરા, પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ભાજપના પ્રાંતના સંગઠન મંત્રી રત્નાકરજી, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા, સાંસદો સર્વ પરશોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકારિયા, કેસરીદેવસિંહ ઝાલા, પૂનમબેન માડમ, વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યો સર્વ રમેશભાઈ ટિલાળા, કાંતિભાઈ અમૃતિયા, દૂર્લભજીભાઈ દેથરિયા, ડો. દર્શિતાબહેન શાહ, ઉદયભાઈ કાનગડ, પૂર્વ મંત્રી અરવિંદભાઈ રૈયાણી, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, પૂર્વ ધારાસભ્ય હકુભા જાડેજા, રાજકોટ નાગરિક સહકારી બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# મંત્રી રાઘવજીભાઈ પટેલ અને મંત્રી બચુભાઈ ખાબડના હસ્તે પડધરી તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૭

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ અને પંચાયત મંત્રી બચુભાઈ ખાબડના હસ્તે તાલુકા પંચાયત કચેરી પડધરીનું લોકાર્પણ કરાયું હતું. રૂા.૨.૩૯ કરોડના ખર્ચે બનેલી તાલુકા પંચાયત કચેરીમાં પદાધિકારીઓ, અધિકારીઓ માટે ઓફિસ, અરજદારોને સરકારની વિવિધ યોજનાકીય સહાય સરળતાથી મળી રહે તે માટે વિવિધ અધતન સુવિધા યુક્ત રૂમ નિર્માણ કરાયા છે. આ તકે મંત્રી રાઘવજીભાઈ પટેલે પડધરી તાલુકાવાસીઓને શુભેચ્છા પાઠવી જણાવ્યું હતું કે, નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા, વહીવટી સરળતા અને પારદર્શકતા માટે વર્તમાન સરકાર ગ્રામ પંચાયતો, તાલુકા તેમજ જિલ્લાઓની ઓફિસોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જે ભૂકંપ પ્રૂફ તેમજ સુવિધાયુક્ત હોય છે. ખેડૂત, ખેતી અને ગામડાને સમૃદ્ધ કરવા સરકાર કટિબદ્ધ છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું ગામડાઓ સમૃદ્ધ બને. મહાત્મા ગાંધીના સ્વપ્નને સાકાર કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતના ગામડાઓ સમૃદ્ધ થઈ રહ્યા છે. ગુજરાતના ગામડે-ગામડે નર્મદાનું પાણી, નલ સે જલ, આવાસ, રોજગારી સહિત માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સરકારની અઢળક યોજનાઓ કાર્યરત છે. ખેડૂતોને ખેત ઉપજના ભાવ મળી રહે તે માટે સરકાર ટેકાના ભાવે ખરીદી કરીને ખેડૂતોને પ્રોત્સાહિત કરે છે. ખેડૂતોને રવિ સિઝનમાં ૧૦ કલાક વીજળી તેમજ પૂરતા પ્રમાણમાં ખાતર મળી રહે તે માટે કામગીરી કરી છે. કચેરીમાં આવતા અરજદારોના પ્રશ્નોનું નિવારણ થાય અને તેઓને કોઈ અવગડતા ન પડે તે દિશામાં કાર્ય કરવા મંત્રીએ કર્મચારીઓને તાકીદ કરી હતી. રાજ્યકક્ષાના પંચાયત મંત્રી બચુભાઈ ખાબડે કહ્યું કે, આધુનિક સુવિધાયુક્ત અને ટેકનોલોજીથી સજ્જ નવી કચેરીઓ વર્તમાન સરકારની ઓળખ બની છે. ભારત કૃષિ પ્રધાન દેશ હોવાથી મોટા ભાગની વસ્તી ગામડાઓમાં નિવાસ કરે છે. ત્યારે ગામડાઓના વિકાસ થકી વિકસિત ભારતની સંકલ્પના સાકાર કરવા સરકાર કટિબદ્ધ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વિકાસની જે કેડી કંડારી હતી તેને ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ વધારી રહ્યા છે. ગ્રામ પંચાયત ગામના વિકાસનું પ્રથમ પગથિયું છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા અધતન પંચાયતોના નિર્માણ કરવામા આવી રહ્યા છે જ્યા સરળતાથી અને ટેકનોલોજીયુક્ત સુવિધાથી અરજદારોના પ્રશ્નોનું નિવારણ કરવામાં આવે છે. આ તકે મંત્રીએ ઉમેર્યું હતું કે ગ્રામીણ વિસ્તારોમાં મકાન વિહોણા પરિવારોને આવાસ મળે તે માટે સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ ઉમેર્યુ હતું કે, ગામડાઓ સમૃદ્ધ બનશે તો દેશ સમૃદ્ધ બનશે તે સંકલ્પનાને સાકાર કરવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સતત કાર્યરત છે. પ્રાસંગિક ઉદબોધનમાં ધારાસભ્યશ્રી દુર્લભજી દેથરીયા કહ્યુ હતુ કે, આ વિસ્તારના નાગરિકોની લાગણી અને માગણી હતી કે નવી તાલુકા પંચાયત કચેરી બને. ત્યારે સરકાર દ્વારા માતબર રકમના ખર્ચે તાલુકા પંચાયતનું અધતન ભવન બનાવી આપ્યું છે જે આ વિસ્તારની ઓળખ બનશે, કચેરીમાં આવતા અરજદારોના પ્રશ્નોનુ નિરાકરણ થાય તે માટે કર્મચારીઓ વધુ એક્ટીવ રહે તેવુ સૂચન ધારાસભ્યએ આ તકે કર્યુ હતું. કાર્યક્રમના શાબ્દિક સ્વાગતમાં તાલુકા વિકાસ અધિકારી ગૌતમ ભીમાણીએ મહાનુભાવોને આવકારી કચેરીમા ઉપલબ્ધ સુવિધાઓ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. આ તકે તલાટી કમ મંત્રી બીનાબા જાડેજાએ પંચાયત શબ્દની પરિભાષા સમજાવી ગ્રામીણ સંસ્કૃતિ અને ગ્રામીણ જીવન વિશે સાહિત્યસભર વાતો કરી સરકાર દ્વારા કાર્યરત જન કલ્યાણકારી યોજનાઓથી ગામડાઓના થયેલ વિકાસની વાત કરી હતી. નવા તાલુકા પંચાયત ભવન સાથે મહાનુભાવોએ સખી મંડળની બહેનો દ્વારા કાર્યરત મંગલમ સખી કેન્ટીનનું ઉદ્‌ઘાટન અને ત્યારબાદ વૃક્ષારોપણ કર્યું હતું. શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા સ્વાગત ગીત અને દેશભક્તિ ગીત રજૂ કરાયા હતા. કાર્યક્રમમાં પડધરી તાલુકા પંચાયત પ્રમુખ હેતલબેન ચાવડા, પૂર્વ કેન્દ્રીય મંત્રી મોહનભાઈ કુંડારીયા, પૂર્વ ધારાસભ્ય બાવનજીભાઈ મેતલીયા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રંજનબેન, અગ્રણી હઠીસિંહ, પરસોતમભાઈ, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એ.કે.વસ્તાણી, પ્રાંત અધિકારી બિમલ ચક્રવર્તી સહિત પદાધિકારીઓ, પ્રતિશ વસોયા, અગ્રણીઓ, અધિકારીઓ, તાલુકા પંચાયત કચેરીનો સ્ટાફ સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા. નવી કચેરીનું નિર્માણ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સી.ડી.પી.-૩ યોજના હેઠળ કવિ દાદ કોલેજની બાજુમાં કરવામાં આવ્યું છે.

# કારમાં દારૂના જથ્થા સાથે ટિંબડી ગામનો લવરમૂંછીયો શખ્સ ઝડપાયો : રૂા.૪.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

ભાણવડ તાલુકાના ટિંબડી ગામે ઈન્ચાર્જ પી.આઈ. કે.કે. મારૂના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પોલીસ સ્ટાફ દ્વારા ગુરુવારે હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન એ.એસ.આઈ. ચિરાગસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ કારેણા અને વેજાણંદભાઈ બેલા મળેલી ચોક્કસ બાતમીના આધારે ભાણવડથી આશરે ૧૫ કિલોમીટર દૂર ગુંદા ગામની સીમ વિસ્તારમાં રહેતા ગલા રબારી નામના શખ્સ દ્વારા પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં દારૂ છૂપાવવામાં આવ્યો હોવાની માહિતી ઉપરથી પોલીસ સ્ટાફે આ સ્થળે દરોડો પાડ્યો હતો. આ રહેણાંક મકાનમાં રાખવામાં આવેલા નીરણ (જુવાર)ના ઢગલાની નીચે સંતાડીને રાખવામાં આવેલો દેશી દારૂનો ૪૦૦ લીટર જથ્થો પોલીસને સાંપડ્યો હતો. એટલું જ નહીં, અહીં રહેલી જી.જે. ૦૯ બી.સી. ૩૬૬૩ નંબરની એક સ્વીફ્ટ મોટરકારમાં ચેકિંગ કરતા આ કારમાં પણ વધુ ૪૦૦ લીટર દેશી દારૂ મળ્યો હતો. આમ, આ દરોડાની કાર્યવાહીમાં પોલીસને રૂપિયા એક લાખ ૬૦ હજારની કિંમતનો દારૂનો જથ્થો મળતા પોલીસે રૂા.૩ લાખની કિંમતની મોટરકાર અને રૂા.૧૦,૦૦૦ ની કિંમતના એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૪.૭૦ લાખના મુદ્દામાલ સાથે આરોપી ટિંબડી ગામના રબારી કેસુ ઉર્ફે કિશન કમાભાઈ મોરી (ઉ.વ. ૧૯) ની અટકાયત કરી હતી. આ પ્રકરણમાં પાછતર ગામના વિનુ રબારી અને ગુંદા ગામની સીમા રહેતા ગલા રબારી નામના બે શખ્સોની સંડોવણી પણ ખુલવા પામી છે. ઉપરાંત દારૂનો આ જથ્થો ધામણી નેશ વિસ્તારમાં રહેતા ભીમા પરબત રબારીએ આપ્યો હોવાનું પણ વધુમાં ખુલવા પામ્યું છે. જે સંદર્ભે ભાણવડ પોલીસે કેશુ ઉર્ફે કિશન કમા મોરીની અટકાયત કરી, અન્ય ત્રણ શખ્સોને ફરાર જાહેર કર્યા છે. આ સમગ્ર કાર્યવાહી ઈન્ચાર્જ પી.આઈ. કે.કે. મારુ સાથે સ્ટાફના ચિરાગસિંહ જાડેજા, ગીરીશભાઈ ગોજીયા, કેશુભાઈ ભાટીયા, શકિતસિંહ ઝાલા, નિલેશભાઈ કારેણા, મયુરભાઈ ગોજીયા, મયુરસિંહ જાડેજા, વેજાણંદભાઈ બેલા અને મીનાબેન નંદાણીયા દ્વારા કરવામાં આવી હતી.

જામનગરનાં વારીયા પરિવારનાં રાજુભાઈ, કલ્પેશભાઈ તથા સુધીરભાઈ દ્વારા

# નૂતન ધ્વજાજી સાથે ભગવાન શ્રીદ્વારકાધીશજીનાં ચરણોમાં સોનાંની હીરા જડિત મંગલમય વાંસળી અર્પણ કરવામાં આવી





(પ્રતિનિધિ દ્વારા)

જામનગર તા.૧૭ જામનગરનાં વારીયા પરિવારનાં રાજુભાઈ, કલ્પેશભાઈ તથા સુધીરભાઈ દ્વારા નૂતન ધ્વજાજી સાથે ભગવાન શ્રીદ્વારકાધીશજીનાં ચરણોમાં સોનાંની હીરા જડિત મંગલમય વાંસળી અર્પણ કરવામાં આવી હતી. વારીયા પરિવાર જવેલર્સના વ્યવસાય સાથે જોડાયેલા તેમજ જૂના દ્વારકાના હોય ઠાકોરજીની પ્રેરણાથી આ કાર્ય કર્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. ભગવાન શ્રી દ્વારકાધીશ અને સ્વ.માતા પિતાનાં આશીર્વાદથી આ કાર્ય સિદ્ધ થયું છે. ઠાકોરજીનાં ચરણોમાં આ વાંસળી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગના દરેક મહેમાનો માટે ખાસ કંકોત્રી તૈયાર કરવામાં આવી છે. જેમાં એક બોક્સમાં દ્વારકાધીશ મંદિરની પ્રતિકૃતિ સાથે આમંત્રણ પત્રિકા તેમજ દ્વારકાધીશ અદભુત લાઈટિંગ સાથેનો ફોટો તૈયાર કરાયો છે.

# 'આહીર રેજીમેંટ' જાગૃતતાના જનક દ્વારા લગ્ન પત્રિકામાં આહીર રેજીમેંટ સ્લોગન-લોગો દ્વારા જાગૃતતાનો પ્રયાસ

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૧૭

માત્ર ૧૬ વર્ષની ઉંમરે ૨૦૧૨-૧૩ થી ભારતીય સેનામાં આહીર રેજીમેંટના નિર્માણની માંગણીને લઈને નિસ્વાર્થ ભાવે ગુજરાત આહીર સમાજમાં જાગૃતતા લાવવાનું કાર્ય કરનાર અને આહીર રેજીમેંટ જાગૃતતા જનક - ગુજરાત તરીકેનું બિરૂદ પ્રાપ્ત કરનાર તેમજ ૨૦૧૬ માં સમગ્ર દેશની સૌપ્રથમ આહીર રેજીમેંટની જાગૃતતા માટેની સફળ રથયાત્રાનું આયોજનમાં મહત્વનું સ્થાન ધરાવનાર અને તેના થકી ગુજરાત આહીર સમાજને અન્ય રાજ્યના આહીર(યાદવ) સમાજ સાથે જોડવામાં મહત્વનું કાર્ય કરનાર તેમજ ગુજરાત આહીર સમાજમાં સમાજ પ્રત્યેની નિસ્વાર્થ લાગણી ધરાવતા યુવાઓને નેતૃત્વમાં જોડવાનું અને તક આપવાનું મહત્વનું કાર્ય કરનાર આહીર ભાવેશ સોલંકી દ્વારા જાન્યુઆરી ૨૦૨૫ માં પોતાની બહેનના લગ્ન પ્રસંગની પત્રિકામાં આહીર રેજીમેંટ સ્લોગન અને લોગો ને સ્થાન આપી માત્ર ક્ષત્રિય આહીર સમાજ જ નહી પણ ભારત સરકારનું પણ ધ્યાન દોરવાનો પ્રયત્ન કર્યો છે, કે ભારત સરકાર ભારતીય સેનામાં આહીર રેજીમેંટના નિર્માણની ક્ષત્રિય આહીર સમાજની સ્વાર્થ વગરની માંગણી પુરી કરવામાં આવે, જેમાં દેશ માટે બલિદાનો આપવા સિવાય કોઈ બીજો હેતુ જ નથી એ માગણાને સ્વીકારવામાં આવે અને ક્ષત્રિય આહીર સમાજનાં ધૈર્યની પરીક્ષા લેવાના બદલે વર્ષો જૂની માંગણી સ્વીકારી પરોપકાર માટે બલિદાનો આપનાર ક્ષત્રિય આહીર સમાજને ઉચિત સમ્માન આપવામાં આવે.

## જાહેર નોટીસ

કેસ નં. જન્મ-મરણ/૧/૨૦૨૫

શ્રી પુંજાભાઈ વલકુભાઈ ખુમાણ
મુ. રફાળીયા તા. ભેસાણ, જી. જૂનાગઢ ..... વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી
ગ્રામ પંચાયત કચેરી - પરબવાવડી
તા. ભેસાણ, જી. જૂનાગઢ ... પ્રતિવાદી

જન્મ-મરણ અધિનિયમ -૧૯૬૯ની કલમ ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પુંજાભાઈ વલકુભાઈ ખુમાણ દ્વારા તેમના માતુશ્રી કમળાબેન વલકુભાઈ ખુમાણનો જન્મ તા. ૦૧-૦૧-૧૯૬૩ના રોજ ગામ મોજેઃ રફાળીયા, તા. ભેસાણ, જી. જૂનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમના માતુશ્રીની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી પરબ વાવડી, તા. ભેસાણ, જી. જૂનાગઢનાં રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૭ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૧૫મી માહે જાન્યુ. સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા

સહી અવાચ્ય
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ભેસાણ

# 'વિકસિત ભારત માટે કૃષિ વિસ્તરણ ટકાઉ વિકાસ માટે નવીનતાઓ અને વ્યૂહરચનાઓ' વિષય ઉપર ડો.બી. એન. કલસરિયાને બેસ્ટ એક્ષ્ટેન્શન સાઈન્ટીસ્ટ એવાર્ડ



જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, કૃષિ મહાવિદ્યાલયના ડો.બી. એન. કલસરિયા, પ્રોફેસર અને વડા, કૃષિ વિસ્તરણ શિક્ષણ વિભાગ, ને "બેસ્ટ એક્ષ્ટેન્શન સાઈન્ટીસ્ટ એવાર્ડ (શ્રેષ્ઠ વિસ્તરણ વૈજ્ઞાનિક પુરસ્કાર)" એનાયત કરવામાં આવ્યો છે, જે કૃષિ શિક્ષણ, સંશોધન, વિસ્તરણ અને નવીનતાઓમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનારા કૃષિ વિસ્તરણ શિક્ષણના વૈજ્ઞાનિકને આપવામાં આવતી પ્રતિષ્ઠિત માન્યતા છે. આ એવોર્ડ નવસારી ખાતે સોસાયટી ઓફ એક્સ્ટેંશન એજ્યુકેશન, ગુજરાત અને નવસારી કૃષિ યુનિવર્સિટીના સયુંકત ઉપક્રમે આયોજિત "વિકસિત ભારત માટે કૃષિ વિસ્તરણ ટકાઉ વિકાસ માટે નવીનતાઓ અને વ્યૂહરચનાઓ" વિષય ઉપર રાષ્ટ્રીય કક્ષાના સેમીનાર દરમિયાન આપવામાં આવ્યો હતો. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.વી.પી.ચોવટીયાએ જણાવ્યું કે, કૃષિ વિસ્તરણ શિક્ષણ ક્ષેત્રમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે ડો. કલસરિયાએ બેસ્ટ એક્ષ્ટેન્શન સાઈન્ટીસ્ટ એવાર્ડ મેળવી કૃષિ યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. તે ખૂબ જ આનંદની વાત છે. સંશોધન અને સમુદાય વચ્ચેના અંતરને દૂર કરવા માટે તમારી અથાક પ્રતિબદ્ધતાએ જીવનને સુધારવા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપીને ઊંડી અસર કરી છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર જ્ઞાનને આગળ વધારવા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને સમુદાયોને સશક્ત બનાવવા માટેના તમારા સમર્પણનું પ્રતિબિંબ છે. મારા હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. સંશોધન નિયામક ડો.આર.બી.માદરીયા વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.બી.જાદવએ આનંદની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે, અમારી સંસ્થાના ભાગ રૂપે એવાર્ડ મેળવીને અમને અવિશ્વસનીય ગર્વ છે, અને તેમનું કાર્ય આપણા બધા માટે પ્રેરણાદાયી ઉદાહરણ સ્થાપિત કરે છે. આ પુરસ્કાર તેમણે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કાર્યની નવીનતાઓ, ગ્રામીણ વિસ્તારમાં વિસ્તરણ પ્રવૃત્તિઓ, નેતૃત્વ તથા જે કૃષિ પદ્ધતિઓ, ખાદ્ય સુરક્ષા અને ગ્રામીણ વિકાસ પર નોંધપાત્ર અસર કરી છે. તેમણે "ભારતીય કૃષિને ફરીથી આકાર આપવા માટે નવીન વિસ્તરણ અભિગમો" પર મુખ્ય પેપર અને " જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ ભલામણ કરેલ કપાસ ઉત્પાદન તકનીકો તરફ ખેડૂતોના અપનાવવાનું સ્તર" પર સંશોધન પત્રોનું મૌખિક પ્રસ્તુતિ રજૂ કરી હતી.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ નેવીના આઈ.એન.એસ. સરદાર પટેલ અને આઈ.એન.એસ.બેતવાની મુલાકાત લીધી

## રાષ્ટ્રીય સુરક્ષામાં ભારતીય નૌકાદળના યોગદાનને સમજવાનો મહત્વપૂર્ણ અવસર છે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી





જૂનાગઢ, તા.૧૭

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના દરિયાઈ સીમા વિસ્તારમાં નૌકાદળ મુખ્યાલય ગુજરાત, દીવ અને દમણ, પોરબંદર (HQGD&D)ની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન તેઓએ રિયર એડમિરલ સતીશ વાસુદેવ, એન.એમ., ફ્લેગ ઓફિસર, ગુજરાત નેવલ એરિયાની સાથે ચર્ચા કરી હતી.

આ અવસરે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, આ મુલાકાત ભારતીય નૌકાદળની ભૂમિકા, તેની કાર્યપ્રણાલી અને રાષ્ટ્રીય સુરક્ષામાં તેના યોગદાનને સમજવાનો મહત્વપૂર્ણ અવસર સાબિત થયો છે. આઈ.એન.એસ. સરદાર પટેલ પર રાજ્યપાલશ્રીએ ગાર્ડ નિરીક્ષણ કર્યું અને સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ વેળાએ નૌકાદળ અને સુરક્ષા કર્મીઓના ત્યાગ પ્રત્યે સન્માન અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

રાજ્યપાલે નૌકાદળનું સંચાલન અને સમુદ્રની સુરક્ષામાં તેમની ભૂમિકા સમજવા આઈ.એન.એસ. બેતવા ઉપર પ્રવાસ કર્યો હતો. રિયર એડમિરલ સતીશ વાસુદેવ તેમની સાથે જોડાયા હતા. આ કાર્યક્રમમાં પોરબંદર જિલ્લાના એન.સી.સી. કેડેટ્સ, ડિફેન્સ સિક્યોરિટી કોર્પ્સના જવાનો અને રક્ષા ક્ષેત્ર સાથે સંકળાયેલા નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાતે નૌકાદળ અને સુરક્ષા કર્મીઓની મહત્ત્વની ભૂમિકા અને તેમના કાર્યની ઝાંખી પુરી પાડી હતી.

# ચોકલી ગામના ખેડૂત નટુભાઈ ગુજરાતી આત્મા પ્રોજેક્ટના સહયોગથી કરે છે આરોગ્યપ્રદ અને ઝેરમુક્ત શાકભાજીનું વેચાણ

**નટુભાઈ ગામમાં ગૌ કથા, સત્સંગ મંડળ જેવા પ્રસંગે લોકોને પ્રાકૃતિક કૃષિ તરફ વળવાનો સંદેશ આપે છે : આપણો પરીવાર, સમાજ - દેશ નિરોગી રહે અને ધરતીમાતાના જતન માટે પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ વિકલ્પ છે : નટુભાઈ ગુજરાતી**

જૂનાગઢ, તા. ૧૭

જૂનાગઢ જિલ્લાના ચોકલી ગામે રહેતા ધરતીપુત્ર નટુભાઈ ચનાભાઈ ગુજરાતી જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર અને આત્મા પ્રોજેક્ટના સહયોગથી પ્રાકૃતિક શાકભાજીનું વેચાણ કરી રહ્યા છે. સાથે જ તેઓ ચોકલી ગામમાં લોકોને પ્રાકૃતિક કૃષિ તરફ વળવાનો સંદેશો પણ આપી રહ્યા છે.

નટુભાઈ ગુજરાતી છેલ્લા આઠ વર્ષથી પ્રાકૃતિક કૃષિ કરે છે. નટુભાઈ તેના પાંચ વીઘા જમીનમાં ઉત્પાદન કરેલ પ્રાકૃતિક શાકભાજીનું સીધું જ વેચાણ પ્રાકૃતિક કૃષિ હાટમાં કરે છે. તેઓ છેલ્લા ૩ વર્ષથી આત્મા દ્વારા શરૂ કરાયેલ સરદાર બાગમા પ્રાકૃતિક હાટમાં શાકભાજીનું વેચાણ કરે છે. ઉપરાંત જૂનાગઢ કલેકટર કચેરીના પ્રાંગણમાં પ્રાકૃતિક હાટમાં પણ તેમની આરોગ્યપ્રદ અને ઝેરમુકત શાકભાજીનું વેચાણ દર ગુરૂવારે સાંજે ૪ થી ૬ દરમિયાન કરે છે.

પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોની ખેત પેદાશોને સીધુ જ પ્લેટફોર્મ મળે એ માટે કલેકટર કચેરીના પ્રાંગણમાં પ્રાકૃતિક હાટ કાર્યરત કરવામાં આવ્યુ છે. જે બદલ નટુભાઈએ કલેકટર અનિલકુમાર રાણાવસિયાનો અને વહિવટી તંત્રનો આભાર માન્યો હતો. નટુભાઈએ તેના આઠ વર્ષનો પ્રાકૃતિક કૃષિનો અનુભવ વર્ણવતા જણાવ્યું હતું કે, સ્વસ્થ પરિવાર અને સ્વસ્થ સમાજ માટે પ્રાકૃતિક કૃષિ એકમાત્ર વિકલ્પ છે. પ્રાકૃતિક કૃષિ થી ધરતીમાતાનું જતન પણ થાય છે. જો આપણે પ્રાકૃતિક કૃષિની ખેત પેદાશો વાપરતા થઈશું તો બીમારી ખર્ચ શૂન્ય થશે. નટુભાઈ તેના પાંચ વીઘામાં શાકભાજીનું વાવેતર કરે છે. આ વર્ષથી મગફળી, ચણા જેવા કઠોળનું પણ ઉત્પાદન કર્યુ છે.



પ્રાકૃતિક કૃષિ ની સાથે સાથે જ તેઓ ગામના લોકો પણ પ્રાકૃતિક કૃષિમાં જોડાઈ એ માટે જાગૃતતા પણ લાવી રહ્યા છે. ચોકલી ગામમાં દર વર્ષે ગાયના લાભાર્થે ભાગવત સપ્તાહનું આયોજન થાય છે. આ ભાગવત સપ્તાહમાં પણ તજજ્ઞો પાસે પ્રાકૃતિક કૃષિનું માર્ગદર્શન લોકોને મળે એ પ્રકારનું આયોજન કરવામાં આવે છે. સાથે જ તેઓ ગૌશાળાના સભ્ય પણ છે. ગામમાં બહેનોના સત્સંગ મંડળમાં પણ પ્રાકૃતિક કૃષિ અંગે માહિતગાર કરવામાં આવે છે. અને પ્રાકૃતિક કૃષિ અંગેની પત્રિકાઓનું વિતરણ કરી લોકોને સંદેશો આપી રહયા છે તેમણે ઉમેર્યુ હતું કે,રાજ્ય સરકાર ખેડુતોને પ્રાકૃતિક કૃષિ તરફ વળે એ માટે પ્રોત્સાહિત કરે છે. ત્યારે તેનો લાભ પણ ખેડૂતો ઉઠાવે અને વધુને વધુ લોકો પ્રાકૃતિક ખેત પેદાશોની જ ખરીદી કરે એ જરૂરી છે.પ્રાકૃતિક ખેતી રાસાયણિક ખેતી ઓછી ખર્ચાળ અને લોકો માટે ફાયદાકારક છે આ માટે પ્રાકૃતિક કૃષિનો અભિગમ અપનાવો જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં માણાવદર તાલુકાના મરમઠ ગામે યોજાયેલ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી એ પણ નટુભાઈ ગુજરાતીના દેશી શાકભાજીની સરાહના કરી અને તેમણે અભિનંદન પાઠવ્યા હતા.

# દેલવાડાની દિકરીએ ભુવનેશ્વરી સંસ્કૃત ગોલ્ડ મેડલ મેળવી બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યુ



ઊના તા.૧૭: ઊના તાલુકાના દેલવાડા ગામની દિકરી શ્યામા કિરણભાઈ ભટ્ટે ૨૦૨૪ની એસ.એસ.સી. બોર્ડની ધો.૧૦ની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૧૦૦ ટકા માર્કસ સાથે પાસ થઈ હતી તેમને તાજેતરમાં મોરબી મુકામે સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ અને શ્રી ભુવનેશ્વરી પીઠ ગોંડલના સંયુકત ઉપક્રમે પારીતોષિક વિતરણ સમારોહમાં સંસ્કૃતમાં ગોલ્ડ મેડલ વિજેતા શ્યામા કિરણભાઈ ભટ્ટને ગોલ્ડ મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે ગીર સોમનાથ જિલ્લા અને સમસ્ત બ્રહ્મસમાજનું ગૌરવ વધાર્યું છે.

# બહાઉદીન સરકારી વિનયન કોલેજ જૂનાગઢ ખાતે ફિનિશિંગ સ્કૂલની ૨૦ દિવસીય તાલીમ યોજાઈ



જૂનાગઢ, તા.૧૭


બહાઉદીન સરકારી વિનયન કોલેજ, જુનાગઢ ખાતે આચાર્યશ્રી ડો. જે. આર. વાંઝા સાહેબની પ્રેરણાથી ફિનિશિંગ સ્કૂલની ૨૦ દિવસીય તાલીમનું કોલેજ ખાતે તારીખ ૨૬.૧૨.૨૦૨૪ થી ૧૫.૦૧.૨૦૨૫ સુધી આયોજન કરવામાં આવ્યું. પ્રક્ષાલ ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડ કંપની તરફથી હરેશ્વર સુરુ અને રિદ્ધિબેન વાઘેલા દ્વારા તાલીમ આપવામાં આવી. A અને C મોડ્યુલની તાલીમમાં મુખ્ય રીતે લાઈફ સ્કીલ, લીડરશીપ, સોફ્ટસ્કીલ અને મોડયુલ B અને Dમાં બેઝિક અંગ્રેજી, અંગ્રેજી ગ્રામર તથા ફંક્શનલ અંગ્રેજીની તાલીમનું વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ માર્ગદર્શન દ્વારા ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી. અત્રેની કોલેજના સેમેસ્ટર-૬ના તમામ વિષયોના કુલ ૫૪ વિદ્યાર્થીઓએ રસપૂર્વક તાલીમમાં જોડાયા. આ તાલીમના ઉદઘાટન સમારોહમાં તારીખ ૨૬.૧૨.૨૦૨૪ના રોજ કોલેજના આદરણીય પ્રિન્સિપાલ ડો. જે. આર. વાંઝાં સાહેબે તાલીમમાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા અને પુસ્તકના જ્ઞાનની સાથે તમારી અંદર છુપાયેલી શક્તિઓને કઈ રીતે બહાર લાવવી અને સફળતા સુધી કેમ પહોંચવું એ અંગે માહિતી આપી. અત્રેની કોલેજના સિનિયર અધ્યાપક રાજેન્દ્રસિંહ પરમાર સાહેબે પ્રવર્તમાન સમયમાં તાલીમની ઉપયોગીતા વિશે માર્ગદર્શન આપ્યું. સમાપન સમારોહ તારીખ ૧૫.૦૧.૨૦૨૫ ના રોજ આયોજિત કરવામાં આવ્યો જેમાં આચાર્ય ડો. જે. આર. વાંઝાં, સિનિયર અધ્યાપક બારસિયા, મ્યાત્રા દ્વારા ભવિષ્યમાં તાલીમની ઉપયોગીતા વિશે તેમ જ પ્રવર્તમાન સમયમાં અંગ્રેજી સાથે તાલમેલ મેળવી, વિવિધ સ્કિલ હાસિલ કરી, કઈ રીતે એને જીવનમાં ઉપયોગી થશે એનું માર્ગદર્શન આપવામાં આવ્યું. તાલીમનું સંચાલન ફિનિશિંગ સ્કૂલના કોર્ડીનેટર ડો. વિજય જોટવા સાહેબે કરેલ તથા કો-કોઓર્ડીનેટર ડો. આલોક વાઘેલા દ્વારા સમગ્ર તાલીમની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી. વિદ્યાર્થીઓ કંઈક નવું જાણવાની, શીખવાની અને જ્ઞાન મેળવવાની ભાવનાથી તાલીમમાં ઉત્સાહભેર જોડાયા અને આ ટેકનોલોજીના યુગમાં આપણી અંદર છુપાયેલી શક્તિઓને બહાર કઈ રીતે લાવીએ અને અંગ્રેજીના માધ્યમથી કઈ રીતે સફળતા સુધી પહોંચી શકીએ એ ઉદ્દેશ્યથી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને કોલેજના અધ્યાપકોએ હાજર રહીને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરેલ.

# ભેંસાણ તાલુકાના ગ્રામ્ય પંથકને જોડતા રોડ - રસ્તાઓ નવા બનાવવા માંગણી

(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ, તા.૧૭

ભેસાણ તાલુકાના માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તકના તમામ રોડ રસ્તાઓ અતિ બિસ્માર હાલતમાં છે , આ રોડ રસ્તાઓ નવા બનાવવા તેમજ રીપેર કરવા બાબતે તાલુકા ભાજપના પ્રમુખે મુખ્ય ઈજનેરને પત્ર પાઠવીને રજૂઆત કરી છે. ભેસાણ તાલુકા ભાજપના નવનિયુક્ત પ્રમુખ પ્રવીણભાઈ સોજીત્રા એ મુખ્ય ઈજનેર માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ને પત્ર પાઠવીને ભેસાણ તાલુકાના ગ્રામ્ય પંથકના રસ્તાઓ નવા બનાવવા રજૂઆત કરી છે. તેઓએ પાઠવેલ પત્ર માં જણાવ્યું છે કે હાલ તમામ રસ્તાઓ બિસ્માર બની ગયા છે. આ રોડ રસ્તાઓ ઉપર વાહન ચલાવવું પણ મુશ્કેલ બન્યું છે . જીલ્લા પંચાયતના પદાધિકારીઓ દ્વારા તમામ રોડ રસ્તાઓ અંગે કાર્યપાલક ઈજનેરને વિગતો પણ આપવામાં આવી છે. ધણા ખરા રોડ સરકાર દ્વારા મંજૂર પણ કરી આપવામાં આવેલ છે ત્યારે જે રસ્તાઓની ટેન્ડર પ્રક્રિયા બાકી હોય તે તાત્કાલિક પૂર્ણ કરી અને જે રોડ રસ્તાઓનો વર્ક ઓર્ડર અપાયેલ હોય તે એજન્સીને



તાત્કાલિક અસરથી કામ શરૂ કરવા તાકીદ કરવા પત્રમાં જણાવ્યું છે. આ ઉપરાંત જે રોડ રસ્તાઓ મંજૂર થવાના બાકી છે તે રોડ રસ્તાઓ હાલ પૂરતા મરામત થાય તે અંગે ઘટતું કરવા પણ પત્રમાં જણાવ્યું છે .

# શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળ-જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લાના ઉપક્રમે સર્વરોગ નિઃશુલ્ક નિદાન કેમ્પ અને સ્નેહમિલન સમારોહ યોજાયો

## આ તકે માતા-પિતા હયાત ન હોય એવા (૩૦) તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાયના ચેક અર્પણ કરીને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો

જૂનાગઢ, તા.૧૭

શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળ-જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના ઉપક્રમે તા.૧૧-૦૧-૨૦૨૫ ને શનિવારના રોજ બપોર બાદ ૩-૦૦ થી ૮-૦૦ સુધી સર્વરોગ નિઃશુલ્ક નિદાન કેમ્પ અને સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ આદરણીયશ્રી હરેશભાઈ ઠૂંમરના વરદ હસ્તે સર્વરોગ નિઃ શુલ્ક નિદાન કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં બપોર બાદ ૩-૦૦ થી ૫-૦૦ સુધી ડૉ.નૈનેશ ઝાલાવાડિયા સાહેબ (ગાયનેકોલોજિસ્ટ), ડો.કેયૂર ચોવટીયા (સ્કીન સ્પેશ્યાલિસ્ટ), ડૉ.નિકુંજ ઠૂંમર (ઓર્થોપેડિક), ડૉ.ચિરાગ પાનસુરિયા (ફિઝીયોથેરાપિસ્ટ) સહિતના જૂનાગઢના નામાંકિત અને નિષ્ણાંત ડોકટરો દ્વારા ઔદાર્યપૂર્ણ સેવાઓ આપવામાં આવી હતી. જેમાં (૨૫૦) કરતાં પણ વધુ લોકોએ નિઃશુલ્ક સારવાર, મેડિસિન અને પ્રાયમરી ચેકઅપનો લાભ લીધો હતો.

આ તકે હરેશભાઈ ઠૂંમરે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં મેડિકલ કેમ્પનું આયોજન કરવા બદલ શ્રી કર્મચારી મંડળના સભ્યો અને ડોકટરશ્રીઓને બિરદાવ્યા હતાં, તેમજ આવા આરોગ્યલક્ષી કાર્યક્રમો વધુમાં વધુ પ્રમાણમાં યોજાઈ તેના ઉપર ભાર મૂક્યો હતો. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ આદરણીય ડો.વી.પી. ચોવટીયાના અધ્યક્ષપદે તથા દિવ્યકરૂણા ચેરિટેબલ ટ્રસ્ટ- વલ્લભવિદ્યાનગરના પ્રમુખ આદરણીય હરેશભાઈ શાણીના મુખ્ય વકતાપદે સાંજે ૫-૦૦ થી ૮-૦૦ સુધી સ્નેહમિલન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી ડો.જી.કે. ગજેરા, દોમડિયા વાડીના પ્રમુખ કરશનભાઈ ધડુક, સમાજના ભામાશા સવજીભાઈ સાવલિયા, જેટકોના કાર્યપાલક ઈજનેર જે.પી. ટીલાળા, કૃષિ યુનિવર્સિટી-જૂનાગઢના વિ.શિ. નિયામક ડો.એસ.એમ. ગાજીપરા, મહાનગરપાલિકા, જૂનાગઢનાં પૂર્વ સ્થાયી સમિતિના ચેરમેન હરેશભાઈ પરસાણા, સમાજઅગ્રણી જેરામભાઈ ટિંબડિયા, રમણીકભાઈ હિરપરા, જેન્તિભાઈ વઘાસિયા, અમુભાઈ પાનસુરિયા, વિજયભાઈ દોમડિયા, ધર્મેશભાઈ પોશીયા, પ્રવીણભાઈ અકબરી, ગોપાલભાઈ રાખોલિયા, અમિતભાઈ ઠૂંમર, પરેશભાઈ ડોબરિયા, કૃષિ યુનિવર્સિટીના નિવૃત આચાર્ય અને ડિન ડો.એસ.જી.સાવલિયા સાહેબ સહિતનાં ઉપસ્થિત રહેલ મહાનુભાવો, અધિકારીઓ, પદાધિકારીઓ, ડોકટરો અને દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સંસ્થાનાં પ્રમુખ સંજયભાઈ અકબરીએ શબ્દસુમનથી સ્વાગત કરતાં સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો, અધિકારીઓ, પદાધિકારીઓ, દાતાઓ, ડોક્ટરો, વાલીઓ, તેજસ્વી તારલાઓ અને સભ્યઓને આવકાર્યા હતાં, સાથોસાથ તેઓએ કર્મચારી મંડળના વર્તમાન અને ભાવિ આયોજનની માહિતી પણ પુરી પાડી હતી.

આ પ્રસંગે મુખ્ય વકતાપદે ઉપસ્થિત હરેશભાઈ શાણીએ સામાજિક રીત-રિવાજો, વ્યસનમુક્તિ, બિનજરૂરી ખર્ચાઓ, કૌટુંબિક સમસ્યાઓ, નાણાંકીય બચત, ઉચ્ચ જીવનધોરણ જેવા માનવજીવનને લગતા અત્યંત જરૂરી એવા અનેકવિધ વિષયો ઉપર મનનીય પ્રવચન આપ્યું હતું. વધુમાં તેઓશ્રીએ આ તકે ઉપસ્થિત લોકોને વ્યસનમુક્તિ માટે સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો. ડો.વી.પી.ચોવટીયા સાહેબે ટેકનોલોજીનો સકારાત્મક ઉપયોગ કરવા અને દરેકે પોતાની જવાબદારી સમજીને સમાજસેવા કરવાં શીખ આપી હતી.

સવજીભાઈ સાવલિયાએ પ્રવચન આપતાં કહ્યું હતું કે, સમાજના હિતમાં આપણે સૌએ નાના મોટા મતભેદો ભૂલીને સંપ અને સહકારથી કાર્ય કરવું જોઈએ. વિશેષમાં તેઓશ્રીએ સમાજના રચનાત્મક અને સકારાત્મક કાર્યોમાં સદાય મદદરૂપ થવાની ખાત્રી આપી હતી. આ સમારોહમાં માતા-પિતા હયાત ન હોય તેવા ત્રીસ તેજસ્વી વિદ્યાર્થીઓને (૧) માતા-પિતા બંને હયાત ન હોય તેવા બાળકોને રૂા.૨૫૦૦૦/- (૨) પિતા હયાત ન હોય તેવા બાળકોને રૂા.૧૫૦૦૦/- અને (૩) માતા હયાત ન હોય તેવા બાળકોને રૂા.૧૦૦૦૦/- સુધીના શૈક્ષણિક સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યાં હતાં.

આ તકે શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળની ઉક્ત દત્તક યોજના અંતર્ગત શ્રી સરદાર પટેલ શૈક્ષણિક સંકૂલ-જૂનાગઢમાં અભ્યાસ કરતાં તેર બાળકોની ફી માફી ઉપરાંત વિનય સોલ્વન્ટના વિજયભાઈ દોમડિયા દ્વારા બે બાળક, સંતશ્રી ભોજલરામ ગ્રૂપ દ્વારા એક બાળક, દોમડિયા વાડી-જૂનાગઢ દ્વારા એક બાળક, જેટકોના અધિક્ષક ઈજનેર હરેશભાઈ વઘાસિયા દ્વારા એક બાળક, શ્રી કેવિનભાઈ અકબરી દ્વારા એક બાળક, પટેલ ગોલ્ડ દ્વારા એક બાળક, ક્યુરેટિવ માઈક્રો ક્રોપ દ્વારા એક બાળક, શ્રી બાદલભાઈ બાબરિયા દ્વારા એક બાળક એમ કુલ (૨૨) વિદ્યાર્થી દત્તક લઈને ફી ભરવાની જાહેરાત કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત સૌએ ટાળીઓના ગડગડાટથી બિરદાવી હતી. આ સમારોહનું આભારદર્શન સંસ્થાનાં ઉપપ્રમુખશ્રી રમેશભાઈ રૂપાપરાએ કર્યુ હતું. આ તકે (૧૦૦૦) કરતાં પણ વધુ લોકોએ સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્યપ્રદ સાંધ્યભોજનનો રસાસ્વાદ પણ માણ્યો હતો. સમારોહને સફળ બનાવવાં માટે સંસ્થાના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. આમ ભાવવિભોર વાતાવરણમાં સમગ્ર સમારોહ પૂર્ણ થયો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

# GPSCની પરીક્ષામાં આન્સર કી સામે વાંધા સૂચનો માટે ભરવી પડશે ફી

## હસમુખ પટેલના નિવેદન સામે સરકારી ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટે સોશિયલ મીડિયામાં રોષ ઠાલવીને નકારાત્મક પ્રતિક્રિયા આપી છે

અમદાવાદ,તા.૧૭ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષામાં પ્રોવિઝનલ આન્સર કી જાહેર કર્યા બાદ આન્સર કીમાં જણાતા વાંધા સૂચનો રજૂ કરાય છે. આ પછી ફાઈનલ આન્સર કી જાહેર કરાય છે. જયારે હવે GPSCના ચેરમેન હસમુખ પટેલે પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનોની અરજીને લઈને નિવેદન આપી જણાવ્યું છે કે, 'હવે વાંધા સૂચનો માટે પરીક્ષાર્થીઓ પાસેથી ફી લેવાશે.' બીજી તરફ, હસમુખ પટેલના નિવેદન સામે સરકારી ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટે સોશિયલ મીડિયામાં રોષ ઠાલવીને નકારાત્મક પ્રતિક્રિયા આપી છે.

GPSC દ્વારા જાહેર કરવામાં આવતી તમામ પરીક્ષાઓમાં પરીક્ષા લેવાયા બાદ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાય છે અને ત્યારબાદ આન્સર કીમાં જણાતા વાંધાઓ ઉમેદવારો રજૂ કરે છે. જેને ધ્યાનમાં રાખીને GPSCના ચેરમેન હસમુખ પટેલે નિવેદનમાં આપીને પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનો માટે ફી લેવાનો નિર્ણય કર્યો છે. આ પ્રક્રિયા ઓનલાઈન માધ્યમથી કરવામાં આવશે.GPSCના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું કે, 'હવે તમામ પરીક્ષાઓની અંદર ઓનલાઈન માધ્યમથી વાંધા સૂચનો લેવાશે. જેમાં વાંધા સૂચનો રજૂ કરનારે એક પ્રશ્નદીઠ ૧૦૦ રૂપિયા ફી ભરવાની રહેશે. ભૂતકાળમાં વાંધા સૂચનો માટે ફી ન લેવામાં આવતી હોવાના કારણે એક જ પ્રશ્નને લઈને ઘણા બધા ઉમેદવારો વાંધા સૂચનો રજૂ કરતા હતા. જેના કારણે વધુ ફિઝિકલ મટિરિયલ હેંડલ કરવાનું થતું અને ભરતીમાં પ્રક્રિયામાં વિલંબ થતો હતો. જેને ધ્યાનમાં રાખીની આ પ્રકારનો નિર્ણય કરાયો છે.'GPSC દ્વારા પ્રોવિઝનલ આન્સર કીમાં વાંધા સૂચનો માટે ફી લેવાના નિર્ણય સામે સરકારી ભરતીની તૈયારી કરતા એસ્પીરન્ટે સોશિયલ મીડિયામાં નકારાત્મક પ્રતિક્રિયા આપી છે.

સોશિયલ મીડિયામાં એકે પ્રતિક્રિયા આપી કે, 'વાંધા અરજી માટે રૂ.૧૦૦ ફી લો એનો વાંધો નહીં. પણ જો પ્રશ્નમાં ભૂલ છે એ સાબિત થયું તો સામે વિદ્યાર્થીઓને રૂ.૨૦૦ પાછા આપશો? 'જ્યારે અન્ય એક એસ્પીરન્ટે પોસ્ટ કરી કે, 'GPSC એ ધંધો ખોલ્યો છે. સંમતિ ભરવામાં ૫૦૦ રૂપિયા, વાંધા અરજી કરવાના ૧૦૦ રૂપિયા, કાલે કદાચ નોકરી લાગવાની ફી જાહેર કરશે.કે નોકરી લાગ્યા બાદ નોકરી લેવી હોય તો પ્રથમ પગાર આયોગને જમા કરાવો.' એક એસ્પીરન્ટે વાંધા અરજીમાં ફી ન હોવાનું કહીને લખ્યું કે, 'જો વાંધા અરજી કરવા ફી ભરવી પડતી હોય તો જેને પેપર સેટ કર્યું એને પણ દંડની જોગવાઈ હોવી જોઈએ.'

### તંત્રી લેખ

# ચૂંટણી પંચના ચાબખા

આપણી સ્વતંત્ર સંસ્થાઓ આપણા લોકતંત્રનો પાયો છે. જો સંસ્થાઓ જ સ્વતંત્ર નહીં રહે તો લોકતંત્ર ધરાશાયી થઈ જશે. આપણા નીતિ નિર્માતાઓએ બંધારણમાં આપણી સંસ્થાઓને એટલી અધિકારયુક્ત બનાવી કે કોઈપણ તેના કાર્યમાં હસ્તક્ષેપ કરવાની હિંમત ન કરે, પરંતુ થોડાં વર્ષોથી જોવા મળી રહ્યું છે કે આપણા રાજકીય પક્ષો છાશવારે પોતાના હિત સાધવા માટે લોકતાંત્રિક સંસ્થાઓને કઠેરામાં ઊભી કરે છે. હવે ચૂંટણી પંચને જ લઈએ. લાંબા અરસાથી પંચની કાર્યપ્રણાલી પર પ્રશ્નચિહ્ન લગાવવાની બાલિશ કોશિશ થઈ રહી છે. વિપક્ષ હારનું ઠીકરું ચૂંટણી પંચના માથે ફોડવા માગે છે. આ જ કારણ છે કે દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીના એલાન માટે બોલાવેલી પ્રેસ કોન્ફરન્સમાં મુખ્ય ચૂંટણી કમિશનર ચૂંટણી પર તો માંડ ૧૦ મિનિટ જ બોલ્યા, બાકી એક કલાક વીસ મિનિટ તેમણે ચૂંટણી પંચ પર લગાવાયેલ આરોપોનો જવાબ આપતાં ચાબખા માર્યા. તેમણે એ પણ કહ્યું કે ચૂંટણી પ્રક્રિયા પર સવાલ ઉઠાવવા ખોટો ટ્રેન્ડ છે. તેનાથી યુવા મતદારો પર અસર પડે છે. સુપ્રીમ કોર્ટે પણ ઈવીએમ પર સવાલ ઉઠાવનારને ઝાટકી નાખ્યા છે.

ચૂંટણીની તારીખથી ૭-૮ દિવસ પહેલાં એજન્ટ સામે સિમ્બોલ નાખવામાં આવે છે. મોક પોલની છૂટ હોય છે. બેટરી એ જ દિવસે નાખવામાં આવે છે અને સીલ થાય છે. ઈવીએમને એજન્ટ સામેલ સીલ લગાવવામાં આવે છે. પોલિંગ ડે પર સીલ તોડવામાં આવે છે. પોલિંગ સ્ટેશન પર સૌથી પહેલાં સિરિયલ નંબર ચેક કરાવવામાં આવે છે. એજન્ટો હાજર રહે છે, મોક પોલ થાય છે. પોલિંગ એજન્ટ આવનાર-જનારનો હિસાબ રાખે છે. પોલિંગ ખતમ થયા બાદ કેટલા વોટ પડ્યા, તેની સંખ્યા એજન્ટોને આપવામાં આવે છે. ઈવીએમને સ્ટોર રૂમમાં લાવવામાં આવે છે, તાળું મારી દેવામાં આવે છે. કાઉન્ટીંગના દિવસે સીલ તોડવામાં આવે છે. ફોર્મ-૭સી સાથે નંબર મેળવાય છે. નંબર મળે તો જ કાઉન્ટિંગ થાય છે. ૫ વીવીપેટની ગણતરી પણ કરી લેવાય છે. ત્યારબાદ પણ આરોપ લગાવવા ક્યાં યોગ્ય છે? ચૂંટણી પંચ પહેલેથી જ સ્પષ્ટ કરી ચૂક્યું છે કે ઈવીએમ હેક થઈ જ ન શકે. વાયરસ અને બગનો કોઈ સવાલ જ નથી. ઈવીએમ કાઉન્ટિંગ માટે ફૂલપ્રૂફ ડિવાઈસ છે. તેમ છતાં ઈવીએમ પર સવાલ ઉઠાવતા રહેવું કેટલું વાજબી છે? એ પણ ત્યારે, જ્યારે ચૂંટણી પંચે ખુલ્લી ચેલેન્જ આપી છે કે ઈવીએમ હેક કરી બતાવો! પણ કોઈ નથી કરી શક્યું! ચૂંટણી પંચે વોટિંગ સ્ટેશનનું રેકોર્ડિંગ જાહેર કરવા પર પણ જવાબ આપ્યો. તેણે કહ્યું કે પોલિંગ બૂથનું રેકોર્ડિંગ ન આપી શકાય. કારણ કે પારદર્શિતા ચૂંટણી પંચનો મૂળભૂત અધિકાર છે. એમ પણ એ માત્ર મતદારના પ્રોફાઈલ અને પ્રાઈવસી માટે છે. જેણે વોટ આપ્યો, ન આપ્યો, તેનો ચહેરો બધું સામે આવી જશે. હવે વિપક્ષે વિચારવું પડશે કે કેટલાં જૂઠાણાં ચલાવવાં છે? ક્યાંક તો અટકવું પડશે ને! ચૂંટણી પંચના સ્પષ્ટીકરણથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે કોંગ્રેસ અને તેના સહયોગી પક્ષોનો એ દાવો પણ મનઘડંત જ હતો કે મોટી સંખ્યામાં મતદારોનાં નામ કાપી નાખવામાં આવ્યાં. આવા જૂઠા દાવા એ જ દર્શાવે છે કે કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળો ચૂંટણી પ્રક્રિયાને લઈને પાયાવિહોણા દાવા કરીને લોકોને ગુમરાહ અને ચૂંટણી પંચને બદનામ કરવામાં માહેર થઈ ગયા છે. આ લોકતંત્ર માટે સારું નથી. વિપક્ષે પણ વિચારવું જોઈએ કે જો આપણી સંસ્થાઓને જ કઠેરામાં ઊભી કરવાની કોશિશો થશે તો આપણે સ્વતંત્ર લોકતંત્ર નહીં રહી શકીએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

શીલ સર્વોત્તમ શસ્ત્ર છે.

- થેરગાથા

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. રજજબ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, પોષ વદ-૪ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૯:૪૪ ક.) તા.૧૭ જાન્યુઆરી ૨૦૨૫, શુક્રવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૧૬, મઘા નક્ષત્ર, સૌભાગ્ય યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૩૬, સૂ.અ.૬:૨૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ખર્ચ પર કાબુ રાખવો. માનસિક ચિંતા હળવી બને.
વૃષભ:કાર્યમાં સફળતા મળે. વેપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે.
મિથુન:મનમાં આનંદ-ઉત્સાહ રહે. પ્રવાસ-પર્યટનમાં સફળતા મળે.
કર્ક: એક સાંધો ત્યાં તેર તૂટે, ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.
સિંહ: પ્રવાસમાં વિલંબ. લાભની તક સાંપડે.
કન્યા: મહત્વના પ્રશ્નો હલ થાય. ગૃહજીવનની કામગીરી હાથ ધરી શકશો.
તુલા: કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે. સ્નેહિજનથી મિલન થાય.
વૃશ્ચિક:કાર્યમાં લાભ થાય. મહત્વની પ્રવૃત્તિઓ વેગવંતી બને.
ધન: માનસિક ટેન્શન દૂર થાય. નાણાંકીય કાર્ય માટે સાનુકૂળ દિવસ.
મકર: લાભ અટકતો જણાય. મનની મુરાદ મનમાં રહે.
કુંભ: ખર્ચનો નાનો પ્રસંગ બને. પ્રિયજનથી વિયોગ રહે.
મીન: મનની મુરાદ બર ન આવે. મહત્વના કાર્યમાં વિઘ્ન આવે.

### સુપ્રીમ કોર્ટ પહોંચી કોંગ્રેસ

# ભારતના સેક્યુલર માળખા માટે પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટ જરૂરી

## આ મામલે સુપ્રીમ કોર્ટે અન્ય અરજીની સુનાવણી વખતે ૧૨ ડિસેમ્બરે અંતિમ આદેશ આપી દીધો છે


નવી દિલ્હી, તા.૧૭ પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટને લઈને કોંગ્રેસે પણ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. આ મામલે ઘણી અરજી પહેલાંથી લંબિત છે. જેના પર ૧૭ ફેબ્રુઆરીએ સુનાવણી થશે. કોંગ્રેસે પોતાની અરજીમાં આ કાયદાને ભારતના ધર્મનિરપેક્ષ માળખા માટે જરૂરી જણાવ્યો છે. નોંધનીય છે કે, આ મામલે સુપ્રીમ કોર્ટે અન્ય અરજીની સુનાવણી વખતે ૧૨ ડિસેમ્બરે અંતિમ આદેશ આપી દીધો છે. જે આદેશમાં દેશભરની કોર્ટને હાલ કોઈપણ ધાર્મિક સ્થળોના સરવેનો આદેશ ન આપવા માટે કહેવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ઝમીયત ઉલેમા-એ-હિન્દ, ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ, માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી (CPM) પણ ૧૯૯૧ના પ્લેસિસ ઑફ વર્શિપ એક્ટને જાળવી રાખવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી ચુક્યા છે. ઝૅસ એ દેશભરમાં મસ્જિદ અને દરગાહો માટે હિન્દુ મંદિર હોવાનો દાવો કરતાં દાખલ અરજીમાં ચાલી રહેલાં કેસનો વિરોધ કર્યો છે. પાર્ટીએ તેને ધર્મનિરપેક્ષતાની વિરોધમાં જણાવ્યું તેમજ આ કેસોને ધર્મનિરપેક્ષતા માટે જોખમ પણ જણાવ્યાં.

પૂજા સ્થળ સંબંધિત વિવાદમાં 'પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટ' (પૂજા સ્થળ અધિનિયમ) લાગુ પડે છે. ૧૯૯૧માં દેશની સંસદ દ્વારા પસાર કરવામાં આવેલ આ કાયદો કહે છે કે, ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ કોઈપણ પૂજા સ્થળનું જે સ્વરૂપ હતું, એ જેમનું તેમ જળવાવું જોઈએ, તેની ધાર્મિક પ્રકૃતિ અને ધાર્મિક ઓળખ સમાન રહેવી જોઈએ, તેની સાથે કોઈપણ પ્રકારના ચેડા ન થવા જોઈએ.

આ કાયદાને ચેલેન્જ કરતાં ઘણી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું કે, આ કાયદો હિન્દુ, જૈન, શીખ અને બૌદ્ધ સંપ્રદાયને પોતાનો અધિકાર માંગવાથી વંચિત કરે છે. કોઈપણ બાબતને કોર્ટ સુધી લઈને આવવી એ દરેક નાગરીકનો બંધારણીય અધિકાર છે. પરંતુ, પ્લેસિસ ઑફ વર્શિપ એક્ટ નાગરિકોને આ અધિકારથી વંચિત રાખે છે. આ ન ફક્ત ન્યાયના મૌલિક અધિકારનું હનન કરે છે, પરંતુ ધાર્મિક આધાર પર પણ ભેદભાવ કરે છે. સીપીએમના પોલિત બ્યૂરો સભ્ય પ્રકાશ કરાત દ્વારા દાખલ કરવામાં આવેલી દાખલ અરજીમાં માંગ કરવામાં આવી છે કે, પ્લેસિસ ઑફ વર્શિપ એક્ટને ચેલેન્જ કરનારી તમામ અરજીને સુપ્રીમ કોર્ટ રદ કરી દે. પાર્ટીએ કહ્યું કે, આ કાયદો ભારતના ધર્મનિરપેક્ષના માળખા અનુસાર છે. સુપ્રીમ કોર્ટે ગત સુનાવણી પર સ્પષ્ટ કરી દીધું હતું કે, ધર્મસ્થળોને લઈને નવા કેસ દાખલ તો થઈ શકે છે, પરંતુ કોર્ટ તેને રજિસ્ટર ન કરે, ન તેના પર કોઈ કાર્યવાહી કરે. પહેલાંથી ચાલી રહેલાં કેસમાં પણ સરવે સહિત કોઈ પ્રભાવી આદેશ ન આપવામાં આવે.

## અંજીર : શિયાળામાં એક અંજીર શરીર માટે ખૂબ જ ગુણકારી



ઋતુ બદલાતા, ખરાબ વાતાવરણ અને હવામાં ભેજ હોવાને કારણે ગળું ખરાબ થવું, શરદી-ખાંસીની અસર થાય છે ત્યારે અંજીર શિયાળામાં ખવાતુ સૌથી મનપસંદ અને ઉપયોગી ફળ છે. તાજા અંજીરમાં વિટામીન છ સૌથી વધારે પ્રમાણમાં હોય છે. અંજીર એક સ્વાદિષ્ટ, સ્વાસ્થ્યવર્ધક અને ખૂબ જ ઉપયોગી ફળ છે. વૈજ્ઞાનિકો અનુસાર અંજીરનાં ડ્રાયફ્રૂટમાં કાર્બોહાઈડ્રેટ ૬૩ ટકા, પ્રોટીન ૫.૫ ટકા, સેલ્યુલોઝ ૭.૩ ટકા, ખનિજ ક્ષાર ૩ ટકા, અમ્લ ૧.૨ ટકા અને પાણી ૨૦.૮ ટકા હોય છે. વિટામીન બી અને વિટામીન સી પણ હોય છે. અંજીર ખાવાથી ઘણા ફાયદાઓ થાય છે. મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરની બિમારીઓ વધી રહી છે. મહિલાઓમાં થતા બ્રેસ્ટ કેન્સર માટે તે ખૂબ જ લાભકારી છે. એવું કહેવાય છે કે દરરોજ અંજીર ખાવાથી તેનું જોખમ ઘટી જાય છે. અંજીરમાં ફાઈબર હોય છે જે પાચનક્રિયામાં મદદ કરે છે. કબજિયાતની સમસ્યા દૂર કરવામાં અંજીર લાભદાયી છે. દરરોજ ત્રણ અંજીર ખાવાથી કબજિયાતની સમસ્યાથી છૂટકારો મળી શકે છે. ફેફસાંનાં રોગમાં પાંચ અંજીર એક ગ્લાસ પાણીમાં ઉકાળીને, ગાળીને સવાર-સાંજ પીવું જોઈએ. અંજીરના સેવનથી સુકી ખાંસીની સમસ્યા પણ દૂર થઈ જાય છે.

- મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

### ગોધરા ટ્રેન આગ કેસ

# સુપ્રીમ કોર્ટમાં ૧૩ ફેબ્રુઆરીએ ગુજરાત સરકાર અને દોષિતોએ દાખલ કરેલી અરજી પર સુનાવણી

## સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, આગામી સુનાવણીની તારીખે આ કેસમાં કોઈ મુલતવી રાખવામાં આવશે નહીં

નવી દિલ્હી, તા.૧૭ વર્ષ ૨૦૦૨ના ગોધરા ટ્રેન આગ કેસને લઈને ગુજરાત સરકાર અને દોષિતોએ દાખલ કરેલી અરજીને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ગોધરા ટ્રેન આગ કેસ મામલે આગામી ૧૩ ફેબ્રુઆરીએ સુનાવણી કરાશે. જસ્ટિસ જે. કે. મહેશ્વરી અને અરવિંદ કુમારની બેન્ચે સ્પષ્ટ કર્યું કે, આગામી સુનાવણીની તારીખે આ કેસમાં કોઈ મુલતવી રાખવામાં આવશે નહીં. ગુજરાતમાં ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ ગોધરામાં સાબરમતી એક્સપ્રેસના જી-૬ કોચને સળગાવી દેવામાં આવતા ૫૯ લોકોના મોત થયા હતા. જેના કારણે રાજ્યમાં રમખાણો ફાટી નીકળ્યા હતા. સમગ્ર મામલે ઓક્ટોબર ૨૦૧૭માં ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને પડકારતી અનેક અપીલો સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી. જેમાં દોષિતોની સજાને સમર્થન આપવામાં આવ્યું હતું અને ૧૧ દોષિતોને મૃત્યુદંડની સજાને આજીવન કેદમાં ફેરવવામાં આવી હતી. જેને લઈને ફેબ્રુઆરી ૨૦૨૩માં ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં ૧૧ દોષિતોને મૃત્યુદંડની સજા કરવાની માગ કરી હતી. ઢઆ મામલાને મુલતવી રાખવાનો ઈનકાર કરતા બેન્ચે કહ્યું, અમને મુખ્ય ન્યાયાધીશના કાર્યાલય તરફથી સૂચનાઓ મળી છે કે, ફોજદારી અપીલ અને માફીના કેસોની એકસાથે સુનાવણી કરવાની જરૂર નથી. જ્યારે જસ્ટિસ મહેશ્વરીએ કહ્યું. અમને ખબર નથી. અમે આ મામલાની સુનાવણી કરીશું અને અમે આ અંગે અગાઉ સ્પષ્ટતા કરી હતી. અમે આ કેસ મુલતવી રાખીશું નહીં. આ કેસ ઓછામાં ઓછો પાંચ વખત મુલતવી રાખવામાં આવ્યો છે. છેલ્લા એક વર્ષથી, હું આ મામલાને મુલતવી રાખી રહ્યો છું

ગોધરા ટ્રેન આગ કેસ મામલે આજે ગુરુવારે સુનાવણી માટે આવ્યો ત્યારે એક દોષિત વતી હાજર રહેલા વકીલે રજૂઆત કરી કે કોઈ પુરાવા રેકોર્ડ પર મૂકવામાં આવ્યા નથી. જ્યારે દોષિત વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સંજય હેગડેએ રજૂઆત કરી હતી કે, મૃત્યુદંડને આજીવન કેદમાં ફેરવવા સામે ગુજરાત દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર પહેલા સુનાવણી થવી જોઈએ. વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, કેટલાક દોષિતોએ માફી અરજીઓ દાખલ કરી છે જે પેન્ડિંગ છે.

દોષિતો વતી હાજર રહેલા વકીલોએ સમય માંગ્યા બાદ કોર્ટે કેસની સુનાવણી ૧૩ ફેબ્રુઆરી સુધી મુલતવી રાખી હતી. સુપ્રીમ કોર્ટ સમક્ષ સુનાવણી દરમિયાન રાજ્યના વકીલે જણાવ્યું હતું કે, ૧૧ દોષિતોને ટ્રાયલ કોર્ટે મૃત્યુદંડની સજા ફટકારી હતી અને ૨૦ અન્ય લોકોને આ કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. હાઈકોર્ટે આ કેસમાં ૩૧ દોષિતોને સમર્થન આપ્યું હતું અને ૧૧ દોષિતોની મૃત્યુદંડની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી હતી.

# ઊનામાં અસામાજીક તત્વોએ ડેરીની તોડફોડ કર્યાની ફરીયાદ

ઊના તા.૧૭

ઊનાના દિલીપભાઈ નાનુંભાઈ ચૌહાણ અને સમગ્ર ચૌહાણ પરિવારના સભ્યોએ ઊના પોલીસ સ્ટેશનના અધિકારીને લેખીતમાં રજૂઆત કરી છે કે તેમના ચૌહાણ પરિવારના હજારો વરસો જૂની સૂરા પૂરા દાદા (સાત વળીયા દાદા)ની નાની નાની ડેરી ઊના શહેરમાં ખોડીયારનગર વિસ્તારમાં નદી કાંઠે આવેલ છે. આ ડેરીને કોઈ અજાણ્યા અસામાજિક તત્વોએ તિક્ષણ હથિયાર વડે તોડફોડ કરી નુકશાન કરેલ છે. પૂરા પરિવાર અને સમાજની લાગણી દુભાણી છે. તો તુરંત આવા અજાણ્યા અસામાજિક ઈસમો સામે કડક કાર્યવાહી કરવા માંગણી કરી છે.

# ખંભાળિયામાં સિંહણ નર્સરી ખાતે વન કવચનું લોકાર્પણ કરાયું





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭ ખંભાળિયા તાલુકાના નાના માંઢા ખાતે સિંહણ નર્સરીમાં વન કવચનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અહીંના ધારાસભ્ય અને વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા દ્વારા લોકાર્પણ કરાયેલી આ નર્સરી બે હેકટર વિસ્તારમાં તૈયાર કરવામાં આવી છે. આ વન કવચમાં વીસ હજાર રોપાઓ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં કરંજ, લીમડો, આસોપાલવ, સવન, હરડે, સપ્તપરની, સરગવો, પારિજાત, પુત્રજીવા સહિત ૩૯ પ્રજાતિના રોપાઓ ઉછેરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના વન વિભાગ દ્વારા રાજ્યને વધુ હરિયાળું બનાવવાના હેતુથી, જાપાની વનસ્પતિ શાસ્ત્રી અકીરા મિયાવાકીની વનીકરણ પધ્ધતિને લક્ષ્યમાં રાખી ગુજરાત વન વિભાગ દ્વારા વન કવચ પધ્ધતિ વિકસાવવામાં આવી છે. વન કવચ એ મુખ્યત્વે શહેરી વિસ્તારમાં અને અન્ય વિસ્તારમાં આવેલ પડતર જમીનમાં હરિયાળી વધારવા માટે એક ઝડપથી નાનું વન બનાવવાની પધ્ધતિ છે.

વન કવચના લોકાર્પણ પ્રસંગે નાયબ વન સંરક્ષક આર. ધનપાલ, નાયબ વન સંરક્ષક અરુણ કુમાર, આર.એફ.ઓ. પિંડારિયા, ભરતભાઈ ચાવડા, પ્રતાપભાઈ પિંડારિયા, કાનાભાઈ કરમુર, સગાભાઈ રાવલિયા સહિત ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માર્ગ મકાન પંચાયત વિભાગ હસ્તેના વિસાવદર તાલુકાના લેરીયા ગામના રસ્તાનું કામ શરૂ





(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૭ પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ અને બાંધકામ ચેરમેન દિનેશભાઈ મૈતરને નરેન્દ્રભાઈ કોટીલા દ્વારા થયેલી રજૂઆતનાં પ્રશ્નનું નિરાકરણ વિસાવદર-જૂનાગઢ સ્ટેટ હાઈવેને જોડતો જુની ચાવંડ-લેરીયા-સુખપુર માર્ગનું પેવર કામ તાત્કાલિક જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ કાવાણી અને નરેન્દ્રભાઈ કોટીલાનાં હસ્તે અને તાલુકા સભ્ય કિશોરભાઈ ડોબરિયા અને ઉપ સરપંચ લેરિયા મહેન્દ્રભાઈ અને મધુરમ કંપનીનાં માલિક વઘાસિયાભાઈની તેમજ સ્થાનિક pwdનાં અધિકારી અને ગ્રામજનોની હાજરીમાં શરૂ કરવામાં આવ્યું છે. ત્રણે ગામે પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ અને વિભાગનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

# વિઝા લંબાવવાના અહેવાલો વચ્ચે બાંગ્લાદેશે ભારતને શેખ હસીનાનો પાસપોર્ટ રદ કરવા માટે વિનંતી કરી



(એજન્સી) તા.૧૭

બાંગ્લાદેશની વચગાળાની સરકારે ભારતને વિઝા લંબાવવાના અહેવાલો વચ્ચે પદભ્રષ્ટ વડાપ્રધાનનો પાસપોર્ટ રદ કરવા વિનંતી કરી છે. આવામી લીગના નેતા ઢાકાથી ભાગી ગત ઓગસ્ટથી ભારતમાં છે. વ્યાપક વિરોધને કારણે તેમની સરકાર પડી ભાંગી. અહેવાલો અનુસાર, તે ભારતમાં રહેઠાણ પરમિટ હેઠળ રહે છે. બાંગ્લાદેશ સરકારે અગાઉ પુષ્ટિ કરી હતી કે તેણે હસીન અને અન્ય ૯૬ લોકોના પાસપોર્ટ રદ કર્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમાંથી ૨૨ ગુમ થયેલા કેસ બળજબરીથી ગુમ થવા સાથે જોડાયેલા હતા અને ૭૫ કેસ જુલાઈમાં થયેલી હિંસા સાથે જોડાયેલા હતા. ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલ (ICT)એ પૂર્વ પીએમ અને અન્ય ૧૧ લોકો સામે ધરપકડ વોરંટ જારી કર્યું. અહેવાલ મુજબ, વિદેશ મંત્રાલયના પ્રવક્તા મોહમ્મદ રફીકુલ આલમે કહ્યું : ‘જો પાસપોર્ટ રદ કરવામાં આવે તો વિઝા આપવામાં આવે છે, વિઝા મુદો નથી’ લાંબા સમય સુધી અસ્તિત્વમાં છે. તેમણે વધુમાં કહ્યું કે વિશ્વભરના બાંગ્લાદેશ રાજદ્વારી મિશનોને નોટિસ મોકલવામાં આવી છે. આ અઠવાડિયાની શરૂઆતમાં ભારતે ‘ટેક્નિકલ’ આધાર ઉપર શેખ હસીનાના વિઝા લંબાવ્યા હોવાના અહેવાલ છે. ભારતના પૂર્વ એડિશનલ સોલિસિટર જનરલ વિકાસ સિંહે બધા ‘આશ્રય’ દાવાઓને ફગાવી દીધા. તેમણે જણાવ્યું હતું કે રાજકીય ગુના માટે કોઈ વ્યક્તિને પ્રત્યાર્પણ કરી શકાતું નથી અને નવી દિલ્હી ‘રાજકીય ગુનાના આરોપી વ્યક્તિઓને પ્રત્યાર્પણ કરી શકતું નથી’. ‘બાંગ્લાદેશ માટે આંતરરાષ્ટ્રીય ગુનાહિત ટ્રિબ્યુનલ એ બાંગ્લાદેશના સ્થાનિક કાયદાના આધારે બાંગ્લાદેશમાં સ્થાપિત એક ટ્રિબ્યુનલ છે જ્યાં તેઓ ચોક્કસ આંતરરાષ્ટ્રીય ગુનાઓને માન્યતા આપે છે અને આ ધરપકડ વોરંટ બાંગ્લાદેશની સ્થાનિક અદાલત દ્વારા જારી કરવામાં આવ્યું છે. ધરપકડને અસર કરવા માટે વોરંટ, ભારત પાકિસ્તાન તરફથી પ્રત્યાર્પણ થવું જોઈએ. આ વોરંટ ભારત તરફથી પ્રત્યાર્પણ પછી જ અસરકારક થઈ શકે છે.

# સુપ્રીમ કોર્ટે ‘૨૦૨૩ મહિલા અનામત કાયદા’ વિરૂદ્ધ અરજીઓની સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો

## લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ક્વોટા ૧૫ વર્ષ સુધી ચાલુ રહેશે અને સંસદ આ લાભનો સમયગાળો લંબાવી શકે છે

નવી દિલ્હી તા.૧૭

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં ૨૦૨૩ નારી શક્તિ વંદન કાયદામાં સીમાંકન કલમને પડકારતી અરજીઓની તપાસ કરવાનો ઈન્કાર કર્યો હતો. આ કાયદા મુજબ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવામાં આવે છે. જસ્ટિસ બેલા એમ ત્રિવેદી અને પી.બી. વરાલેની બેન્ચ જયા ઠાકુર અને નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન વુમન (NFIW) દ્વારા બંધારણની કલમ ૩૨ હેઠળ દાખલ કરાયેલી અરજીઓ ઉપર વિચાર કરવા માટે તૈયાર ન હતી. બેન્ચે નિર્દેશ કર્યો કે જયા ઠાકુરની અરજીએ આ બિલને પડકાર્યું હતું, જે કાયદો બની ગયો હતો, જ્યારે NFIWએ કાયદાની સીમાંકન કલમને પડકાર્યો હતો. ઠાકુરની અરજીને નિરર્થક ગણાવીને ફગાવી દેવામાં આવી હતી, પરંતુ કોર્ટે કલમ ૩૨ હેઠળ NFIWની અરજીની સુનાવણી કરવા માટે તૈયાર ન હતી અને કહ્યું હતું કે તે હાઈકોર્ટ અથવા અન્ય કોઈપણ યોગ્ય ફોરમમાં જઈ શકે છે. NFIWએ કલમ ૩૩૪ (૧) અથવા ૨૦૨૩ કાયદાની કલમ ૫ ની બંધારણીય માન્યતાને પડકારી હતી જ્યાં તેણે કાયદાના અમલીકરણ માટે મત વિસ્તારોના સીમાંકનને પૂર્વશરત ગણાવી હતી. ૩નવેમ્બર ૨૦૨૩ના રોજ, સુપ્રીમ કોર્ટે ઠાકુરની અરજી ઉપર સુનાવણી કરતી વખતે કહ્યું હતું કે કોર્ટ માટે મહિલા અનામત કાયદાના એક ભાગને રદ કરવો ખૂબ જ મુશ્કેલ હશે જે વસ્તી ગણતરી પછી અમલમાં આવશે. કોર્ટે ઠાકુરની અરજી ઉપર નોટિસ જારી કરવાનો ઈન્કાર કર્યો હતો અને અરજદારના વકીલને કેન્દ્રનું પ્રતિનિધિત્વ કરતા વકીલને નકલ આપવા કહ્યું હતું. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ, લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાના બિલને સંસદીય મંજૂરી મળી હતી. આ બંધારણીય સુધારા બિલ લોકસભા દ્વારા લગભગ સર્વ સંમતિથી અને રાજ્યસભા દ્વારા સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું. આ કાયદાના અમલીકરણમાં થોડો સમય લાગશે કારણ કે આગામી વસ્તી ગણતરી અને ત્યારબાદ સીમાંકન કવાયત જેમાં લોકસભા અને વિધાનસભા મતવિસ્તારોનું પુનર્નિર્માણ કરવામાં આવશે તે પછી મહિલાઓ માટે ચોક્કસ બેઠકો નક્કી કરવામાં આવશે. લોકસભા અને વિધાન સભાઓમાં મહિલાઓ માટેનો ક્વોટા ૧૫ વર્ષ સુધી ચાલુ રહેશે અને સંસદ પછીથી આ લાભનો સમયગાળો લંબાવી શકે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટે પણ આ ક્વોટા હતો, ત્યારે વિપક્ષે આ લાભ અન્ય પછાત વર્ગોને પણ આપવાની માંગ કરી હતી. ૧૯૯૬થી સંસદમાં બિલ પસાર કરવાના પ્રયાસો થઈ રહ્યા હતા અને આવો છેલ્લો પ્રયાસ ૨૦૧૦માં કરવામાં આવ્યો હતો, જ્યારે રાજ્યસભાએ મહિલા અનામત માટે બિલને મંજૂરી આપી હતી, પરંતુ તે લોકસભામાં પસાર થઈ શક્યું ન હતું. ડેટા દર્શાવે છે કે મહિલા સાંસદો લોકસભાની સંખ્યાના લગભગ ૧૫ ટકા હિસ્સો ધરાવે છે જ્યારે ઘણી રાજ્ય વિધાનસભાઓમાં તેમનું પ્રતિનિધિત્વ ૧૦ ટકાથી ઓછું હતું. ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ બિલને પોતાની સંમતિ આપી હતી.

# લોસ એન્જલસમાં હજુ પણ આગનું વિકરાળ સ્વરૂપ : ૧૦ લોકોનાં મોત, ૧૦,૦૦૦થી વધુ ઈમારતો નાશ પામી



(એજન્સી) તા.૧૭

અમેરિકાના કેલિફોર્નિયામાં દાવાનળે વિનાશ વેર્યો છે. લોસ એન્જલસમાં શરૂ થયેલી આગ ઉપર હજુ સુધી નિયંત્રણ મેળવી શકાયું નથી. સૌથી ધનાઢ્ય શહેરોમાંના એક લોસ એન્જલસના જંગલોમાં છ સ્થળો ઉપર ૪૦,૦૦૦ એકરમાં લાગેલી આગને કારણે ૧૦ લોકોનાં મોત થયા છે. આ દુર્ઘટનાથી અમેરિકાને ૫૭૦૦ કરોડ ડૉલર અંદાજે ૫.૧૫ લાખ કરોડનું નુકસાન થવાનું અનુમાન છે. ૧૦,૦૦૦થી વધુ ઈમારતોને નુકસાન થયું છે. જેમાંથી મોટાભાગની બળીને રાખ થઈ ગઈ છે. અમેરિકાના અધિકારીઓનું કહેવું છે કે, લોસ એન્જલસમાં લાગેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા ૧૦ લોકોનાં મોત થયા છે અને હજારો ઈમારતો નાશ પામી છે. સૂકા પવનોને કારણે ઝડપથી ફેલાતી જ્વાળાઓ ઘરો અને વ્યવસાયોને ઘેરી લે છે, જેના કારણે હજારો લોકોને ધુમાડાથી ભરેલી ખીણો અને સેલિબ્રિટી ઘરોથી ભરેલા પડોશમાંથી ભાગી જવાની ફરજ પડી છે. લોસ એન્જલસ કાઉન્ટીના તબીબી પરીક્ષકે જણાવ્યું હતું કે, મૃત્યુઆંક વધીને દસ થઈ ગયો છે. લોસ એન્જલસ વિસ્તારમાં ચાર મોટી, સક્રિય જંગલી આગમાંથી એક, ઈટન ફાયરમાં પાંચ પીડિતો માર્યા ગયા હતા. અધિકારીઓને ડર છે કે, બચાવ અને પુર્નઃ પ્રાપ્તિ પ્રયાસો ચાલુ હોવાથી સંખ્યા વધી શકે છે. પેસિફિક પેલિસેડ્સ આગમાં મુખ્યત્વે રહેણાંક વિસ્તારનો નાશ થયો હતો, જે ૨૦૦ એકર સુધી ફેલાયેલો હતો અને ફરજિયાત સ્થળાંતરની જરૂર પડી હતી. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર તે ઝડપથી ફેલાઈ રહ્યું હતું, ભારે પવન અને સૂકા ફાયર હાઈડ્રેન્ટ્સને કારણે અગ્નિશામકોને તેને કાબૂમાં લેવામાં મુશ્કેલી પડી રહી હતી. કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં લાગેલી આગ ઉપર કાબૂ મેળવવા માટે ફાયર બ્રિગેડની ટીમ કામ કરી રહી છે. ૭૫૦૦થી વધુ કર્મચારી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહ્યાં છે. બે લાખ લોકોને ચેતવણી આપવામાં આવી છે કે, તે પોતાના ઘર ખાલી કરી દે. પોલીસનું કહેવું છે કે, આ ઘટનામાં ૧૦ લોકોનાં મોત થયા છે. લોસ એન્જલસ કાઉન્ટીના શેરિફ રોબર્ટ લૂનાએ કહ્યું કે, મૃતકોની સંખ્યા વધવાની આશંકા છે. આગને કાબૂમાં લેવા માટે હેલિકોપ્ટર અને વિમાનથી પણ આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે પરંતુ આગ કાબૂમાં આવી નથી. હવાઓની દિશા બદલાવાને કારણે વારંવાર આગ વધી રહી છે અને દરેક તરફ ફેલાઈ રહી છે. હોલીવૂડ હિલ્સ પણ આગની જ્વાળાઓથી ઘેરાઈ ગઈ હતી. આ આગમાં ૧૦,૦૦૦થી વધુ ઈમારતો ખાખ થઈ ગઈ છે અને ૨૮,૦૦૦થી વધુ ઘરોને નુકસાન પહોંચ્યું છે. આ સિવાય આ વિસ્તારમાં હોસ્પિટલો અને એક ડઝનથી વધુ સ્કૂલો પણ આગની ઝપેટમાં આવી ગઈ હતી. જે જાણીતી હસ્તીઓએ આ આગમાં પોતાનું ઘર ગુમાવવું પડ્યું છે તેમાં કેટલાક દિવસ પહેલા જ ગોલ્ડન ગ્લોબ એવોર્ડમાં સામેલ થનારા લીટર મેસ્ટર અને એડમ બ્રોડી સિવાય પેરિસ હિલ્ટન પણ સામેલ છે.

# ઉત્તરાખંડના મુખ્યમંત્રીએ કહ્યું; ચાલુ મહિને UCC લાગુ કરાશે, લેન્ડ જેહાદ અને થૂક જેહાદ સામે પગલાં લેવામાં આવશે

(એજન્સી) તા.૧૭

આ મહિનાથી ઉત્તરાખંડમાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવામાં આવશે. આ જાહેરાત કરતી વખતે મુખ્યમંત્રીએ કહ્યું કે ઉત્તરાખંડ દેશનું પહેલું રાજ્ય છે જ્યાં સમાન નાગરિક સંહિતાનો કાયદો છે. ધામી ઉત્તર પ્રદેશના બરેલીમાં એક કાર્યક્રમમાં આવ્યા હતા તેમણે જણાવ્યું હતું કે તેમના રાજ્યમાં લેવામાં આવેલી વિવિધ પહેલનો પણ ઉલ્લેખ કર્યો. મુખ્યમંત્રી ધામીએ કહ્યું છે કે દેવભૂમિ ઉત્તરાખંડમાં ભક્તો અને પ્રવાસીઓનું આગમન સતત વધી રહ્યું છે. તેમણે કહ્યું કે અમે હરિદ્વાર અને ઋષિકેશમાં ગંગા કોરિડોર બનાવીશું. શારદા નદી ઉપર એક કોરિડોર પણ બનાવવામાં આવી રહ્યો છે. આના ઉપર ઘણું કામ શરૂ થઈ ગયું છે. ધામીએ કહ્યું કે ઉત્તરાખંડમાં ઘણા વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. આ સાથે તેમણે લેન્ડ જેહાદ અને થૂક જેહાદ સામે પગલાં લેવાનું આહ્‌વાન કર્યું હતું. મુખ્યમંત્રી ધામીએ કહ્યું કે બાબા કેદારનાથ ખાતે પુનર્નિર્માણનું કામ ચાલી રહ્યું છે. ત્યાં પેટાચૂંટણી થઈ અને ભાજપ ત્યાં જીત્યો. બદ્રીનાથ ધામમાં માસ્ટર પ્લાન મુજબ કામ ચાલી રહ્યું છે. કુમાઉ પ્રદેશના તમામ મંદિરોનાસૌંદર્યીકરણ અને પુનર્નિર્માણનું કાર્ય સતત ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે ઉત્તરપ્રદેશથી વધુ ભક્તો પૂર્ણગિરીની મુલાકાત લે છે. તેણે કહ્યું, “મને ખૂબ આનંદ થાય છે. હવે આપણે ત્યાં શારદા કોરિડોર બનાવીશું જેના કારણે ત્યાં સુંદર ઘાટ બનશે અને ત્યાં સુંદરીકરણ થશે. ઉત્તરાખંડને ‘ડેસ્ટિનેશન વેડિંગ’ અને પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જેથી લોકો તેમના લગ્ન અને અન્ય કાર્યક્રમો વિદેશમાં ન ગોઠવે પરંતુ દેવભૂમિમાં કરે.” શાસન અને સુરક્ષા સંબંધિત વિવિધ કાનૂની સુધારાઓનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું, “અમે ધર્માંતરણ વિરોધી કાયદો બનાવ્યો. અમે કડક રમખાણો વિરોધી કાયદા બનાવ્યા. અમે છેતરપિંડી વિરોધી કાયદો પણ બનાવ્યો છે. તેમણે કહ્યું કે સરકારે ભૂમિ જેહાદ ઉપર કાયદો બનાવ્યો છે અને ૫૦૦૦ એકર જમીનને અતિક્રમણમાંથી મુક્ત કરવામાં આવી છે.” ધામીએ માહિતી આપી હતી કે ૨૮મી રાષ્ટ્રીય રમતો ૨૮ જાન્યુઆરીથી ઉત્તરાખંડમાં શરૂ થવા જઈ રહી છે, જેનું ઉદ્‌ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરશે. તેનો સમાપન સમારોહ હલ્દવાનીમાં યોજાશે

# ભાજપ દિલ્હી ચૂંટણી માટે ઘણી મફત ભેટોની જાહેરાત કરી રહ્યું છે : મહિલાઓ માટે ૨,૫૦૦ રૂપિયા, વૃદ્ધો માટે બસની મફત મુસાફરી અને પૂજા સ્થળો માટે ૫૦૦ યુનિટ સુધી મફત વીજળી

## દિલ્હી ભાજપ મેનિફેસ્ટો સમિતિએ કેન્દ્રીય નેતૃત્વને મંજૂરી માટે આ ભલામણો મોકલી છે, પેનલે પૂજા સ્થળો માટે ૫૦૦ યુનિટ સુધી મફત વીજળીની પણ ભલામણ કરી છે




નવી દિલ્હી, તા.૧૭

દિલ્હી ભાજપ ચૂંટણી પહેલા અનેક મફત ભેટોની જાહેરાત કરવાની તૈયારી કરી રહ્યું છે. દિલ્હી ભાજપની મેનિફેસ્ટો સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણોમાં ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી, પાત્ર મહિલાઓને ૨,૫૦૦ રૂપિયાની માસિક નાણાકીય સહાયનો સમાવેશ થાય છે. આ કમિટિએ દિલ્હીમાં હાલમાં કાર્યરત યોજનાઓ અને વાયુ પ્રદૂષણનો સામનો કરવા માટેની નીતિને રદ ન કરવાની પણ ભલામણ કરી છે. ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે આ ભલામણો મંજૂરી માટે પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વને મોકલવામાં આવી છે. દિલ્હી માટેના પાર્ટીના ઢંઢેરામાં સ્પષ્ટપણે જણાવવામાં આવશે કે જો ભાજપ દિલ્હીમાં સત્તા ઉપર આવશે તો વર્તમાન સ્કીમ્સ રદ કરવામાં આવશે નહીં જેમાં, દિલ્હીની લાયકાત ધરાવતી મહિલાઓને ૨,૧૦૦ રૂપિયાની માસિક નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે, આમાં મહિલાઓ માટે મફત બસ મુસાફરી, ઘરેલુ ગ્રાહકોને દર મહિને ૨૦ કિલોલિટર સુધી મફત પાણી અને ૨૦૦ યુનિટથી ઓછો વપરાશ કરતા પરિવારોને મફત વીજળીનો સમાવેશ થાય છે. અરવિંદ કેજરીવાલના નેતૃત્વ હેઠળની આપ સરકાર દિલ્હીના લોકોને ગેરમાર્ગે દોરી રહી છે કે જો ભાજપ સત્તામાં આવશે તો તે બધી ‘મફત સુવિધાઓ’ બંધ કરી દેશે. મોદીએ પરિવર્તન રેલી દરમ્યાન સ્પષ્ટ કરી દીધું છે અને અમારો ઢંઢેરામાં પણ આ વાતનો ઉલ્લેખ કરવામાં આવશે. જાહેર બસ મુસાફરી મહિલાઓ માટે મફત છે, ત્યારે દિલ્હી ભાજપના ઢંઢેરાની સમિતિએ કેન્દ્રીય નેતૃત્વને ભલામણ કરી છે કે આ લાભ વરિષ્ઠ નાગરિકોને પણ આપવામાં આવે. ડિસેમ્બરમાં, દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે, દિલ્હીમાં જો આપ પાર્ટી સત્તામાં પાછી આવે તો દિલ્હીની પાત્ર મહિલાઓને ૨,૧૦૦ રૂપિયાની માસિક નાણાકીય સહાયની જાહેરાત કરી હતી. આપ પાર્ટીએ આ યોજનાને ‘ગેમ-ચેન્જર’ તરીકે ગણાવી હતી. નાણામંત્રી તરીકે, સીએમ આતિશીએ સૌપ્રથમ રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સરકારના ૨૦૨૪-૨૫ના વાર્ષિક બજેટમાં મુખ્યમંત્રી મહિલા સન્માન યોજનાની જાહેરાત કરી હતી, જેમાં ૨,૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, જેના હેઠળ મહિલાઓને માસિક સહાય ૧,૦૦૦ રૂપિયા હતી. દિલ્હી ભાજપના નેતાઓ માને છે કે આપની આવી યોજનાઓ માટે જવાબ આપવો મહત્વપૂર્ણ છે. અમે દિલ્હીમાં મહિલા મતદારો માટે મોટી કલ્યાણકારી યોજનાઓની શ્રેણીનું આયોજન કર્યું છે જેમાં લાડલી બહેન યોજના હેઠળ તેમને દર મહિને ૨,૫૦૦ રૂપિયા આપવાનો સમાવેશ થાય છે. અમે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સમાન યોજનાઓ લાગુ કરી છે અને મહિલાઓને ખરેખર તેનો ફાયદો થયો છે. જો કે, નેતાએ સ્પષ્ટતા કરી કે અંતિમ મંજૂરી પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ તરફથી મળશે. ગયા વર્ષે વિધાનસભા ચૂંટણી પહેલા, મહારાષ્ટ્રના શાસક મહાયુતિ- જેમાં ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીનો સમાવેશ થાય છે-તેઓએ મધ્યપ્રદેશની લાડલીબહેન યોજનાથી પ્રેરિત થઈને લડકીબહેન યોજના શરૂ કરી હતી. જાન્યુઆરી ૨૦૨૩માં શિવરાજ સિંહ ચૌહાણની આગેવાની હેઠળની ભાજપ સરકાર દ્વારા અમલમાં મુકાયેલી, આ યોજનાએ ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં મધ્યપ્રદેશમાં પાર્ટીની શાનદાર જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે. ભાજપના નેતાઓના મતે, દિલ્હીની આપ સરકાર જે ૨૦૦ યુનિટ સુધી મફત વીજળી અને ૨૦૧થી ૪૦૦ યુનિટ સુધીના વપરાશ માટે ૫૦ ટકા સબસિડી આપે છે તેનાથી વિપરીત, તે ૪૦૦ યુનિટ સુધી મફત વીજળીનું વચન આપશે. અમે ૫૦૦ યુનિટ સુધીના વપરાશ માટે પૂજા સ્થળો માટે મફત વીજળી પૂરી પાડવાનું પણ વિચારી રહ્યા છીએ. આ નેતાએ દાવો કર્યો કે પાર્ટીએ ‘સ્વચ્છ હવા અને પાણી’ પૂરૂં પાડવાની યોજના પણ બનાવી રહી છે. આ માટે એક સંશોધન ટીમની રચના કરવામાં આવી હતી અને એક વિગતવાર યોજના ઉપલબ્ધ કરાવવામાં આવશે જે દર્શાવે છે કે અમે પ્રદૂષણની સમસ્યાનો સામનો કેવી રીતે કરવાનો ઈરાદો રાખીએ છીએ જેનો સામનો AAP કરી શકી નથી. ભાજપ ૧૯૯૮થી દિલ્હીમાં સત્તાથી બહાર છે અને આ ચૂંટણીને રાષ્ટ્રીય રાજધાનીમાં ફરીથી સત્તા મેળવવાની તક તરીકે જોઈ રહી છે. આ ઉપરાંત, ભાજપ દિલ્હીમાં આયુષ્માન ભારત સહિત કેન્દ્રિય પ્રાયોજિત યોજનાઓના અમલીકરણનું પણ વચન પણ આપશે. પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપે જે રીતે દેશભરના ગરીબ લોકોને મફત ઘરો અને આયુષ્માન ભારત યોજનાના ભાગ રૂપે મફત સારવાર સુવિધાઓ પૂરી પાડી તે દર્શાવે છે કે અમે લોકો માટે શું કરી રહ્યા છીએ. અમે દિલ્હીમાં પણ આ યોજનાઓ લાગુ કરીશું.

# જો તમે મહાકુંભમાં ખોવાઈ જશો કે ભૂલા પડી જશો તો ? AI તમને હાઈ-ટેક ‘ભૂલે-ભટકે કેન્દ્રો’ દ્વારા શોધી કાઢશે

પ્રયાગરાજ, તા.૧૭

દેશમાં ૧૨ વર્ષ પછી મહાકુંભ ઉત્સવનું પુનરાગમન થઈ રહ્યું છે. હવે આ મેળો પણ ડિજિટલ થઈ ગયો છે અને ખોવાયેલા લોકો માટેના કેન્દ્રોથી લઈને CCTV સર્વેલન્સ અને LED ડિસ્પ્લે સુધી, પ્રયાગરાજ વહીવટીતંત્ર વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળામાં આવનારી ભીડને એકીકૃત રીતે સંચાલિત કરવા માટે ટેક્નોલોજી ઉપર આધાર રાખી રહ્યું છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, આ મહાકુંભ પરંપરા અને ટેકનોલોજી, ઈતિહાસ અને આધુનિક માર્ગોનો સંગમ છે. પ્રયાગરાજમાં મહાકુંભની તૈયારીઓનું નિરીક્ષણ કરતા એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યાં અનુસાર, ૧૩ જાન્યુઆરીથી શરૂ થઈને ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મહાકુંભમાં ઓછામાં ઓછા ૪૦ કરોડ લોકો હાજરી આપે તેવી અપેક્ષા છે. સામાન્ય કુંભમેળા દર વર્ષે યોજાય છે, જ્યારે મહાકુંભ દર ૧૨ વર્ષે યોજાય છે જેમાં ભક્તો પવિત્ર ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા માટે ઉમટી પડે છે, જ્યાં ગંગા, યમુના અને પૌરાણિક સરસ્વતી નદીનું મિલન થાય છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ૪,૦૦૦ હેક્ટરના મેળા વિસ્તારમાં લગભગ ૧,૫૦૦ સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે, અને આ કેમેરા નિયંત્રણ અને કમાન્ડ યુનિટ સાથે સંકલિત છે. આ નિયંત્રણ અને કમાન્ડ યુનિટમાં દરેક વિભાગના નિયુક્ત અધિકારીઓ હશે અને તે અગ્નિ, પાણી અથવા અન્ય કંઈક હોનારત થાય કે તરત જ, તેઓ સમયસર પ્રતિક્રિયા આપવા માટે તેમની ટીમને સક્રિય કરશે. વહીવટ દ્વારા બીજો ટેક્નોલોજીકલ પગલું એ ડિજિટલ કેન્દ્રોની શરૂઆત છે, જેને ‘ભુલે-ભટકે કેન્દ્રો’ તરીકે ઓળખવામાં આવે છે, જે ગુમ થયેલા વ્યક્તિઓને શોધવા માટે સ્થાપિત કરવામાં આવ્યા છે. AI ટેક્નોલોજી દ્વારા આ કેન્દ્રો ચાલશે જ્યાં નવી યુગની ટેક્નોલોજી અધિકારીઓને ગુમ થયેલા વ્યક્તિઓના ફોટાને સોશિયલ મીડિયા એકાઉન્ટ ઉપરના લોકો સાથે મેચ કરવાની મંજૂરી આપશે અને સરળ વાતચીત માટે અંગ્રેજી અને હિન્દીમાં વિવિધ ભાષાઓનો અનુવાદ પણ કરશે. ખોવાયેલા લોકો અને બાળકો માટે, બેડની મૂળભૂત સુવિધાઓ સાથે એક નિયુક્ત વિસ્તાર સ્થાપિત કરવામાં આવ્યો છે જ્યાં તેઓ તેમના પરિવારો સાથે ફરીથી મળે ત્યાં સુધી રાહ જોઈ શકે છે. આવા ૧૨ કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે, જે બધા LED ડિસ્પ્લે સ્ક્રીનથી જોડાયેલા છે. જો કોઈ ગુમ થયેલા મુલાકાતી અથવા ભક્તને શોધી કાઢવામાં આવે છે, તો તેમનો ચહેરો ડિજિટલ રીતે કેપ્ચર કરવામાં આવશે અને મેળાના સ્થળ ઉપર LED સ્ક્રીન ઉપર પ્રદર્શિત કરવામાં આવશે જેથી તેમના પરિવારના સભ્યો તેમને શોધી શકે. પરિવારના સભ્યો પણ આ કેન્દ્રો ઉપર ફરિયાદ નોંધાવી શકે છે જ્યાંથી જાહેરાત કરવામાં આવશે. વરિષ્ઠ અધિકારીએ સ્મિત સાથે કહ્યું કે, હવે કુંભમાં કોઈ ભાઈઓ વિખૂટા પડશે નહીં. અમારી પાસે તેમને પાછા લાવવાની ટેક્નોલોજી છે. સૌ જાણે છે કે, ૧૯૭૦ના દાયકાની એક બોલિવૂડ થીમ મુજબ ભાઈબહેનો મેળામાં અલગ થઈ જતાં હતા અને અનેક વર્ષો પછી પુખ્તાવસ્થામાં તેઓ એકબીજાને મળતા હતા.

# કાલુપુર રેલવે સ્ટેશન ઉપર તાત્કાલિક ટિકિટ મળી રહે તે માટે ATVM મશીન મૂકાયા

અમદાવાદ, તા.૧૭

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન ઉપર તાત્કાલિક ટિકિટ મુસાફરોને મળી રહે તે માટે એટીવીએમ મશીન મૂકવામાં આવ્યા છે, રાજ્યના ૫ સ્ટેશન ઉપર ATVM મશીન મૂકવામાં આવ્યા છે,ઓટોમેટિક ટિકિટ વેન્ડિગ મશીન મૂકવામાં આવ્યા છે જેના કારણે મુસાફરોને લાઈનમાં ઉભા રહેવું નહી પડે અને મશીન ઉપરથી સિધી ટિકિટ મળી રહેશે, મુસાફરોએ રેલવેની આ સુવિધાને વખાણી હતી. કોઈ પણ તકલીફ વગર તાત્કાલિક ટિકિટ મળી રહેશે જે રીતે ટિકિટ કાઉન્ટર ઉપરથી ટિકિટ ખરીદીએ છે તેવી જ રીતે મશીન પાસેથી ટિકિટ મેળવી શકાશે,તો જનરલ, પ્લેટફોર્મ અને સિઝન પાસ માટે લાઈનમાં ઉભા રહ્યા વિના મશીનથી મળી જશે ટિકિટ અને રાજ્યના ૫ સ્ટેશનમાં ATVM મશીન મૂકવામાં આવ્યા છે.

# જૂનાગઢમાં મકરસંક્રાંતિના પાવન તહેવાર નિમિતે જરૂરીયાતમંદ કુટુંબોને વિનામૂલ્યે અનાજની કીટ, ચીકી, મમરાનાં લાડુ અને અન્ય વસ્તુઓનું વિતરણ કરાયું



જૂનાગઢ, તા.૧૭

શ્રી જુનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ - જુનાગઢ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે જરૂરીયાતમંદ કુટુંબોને વિનામુલ્યે અનાજ વિતરણ કરવામાં આવે છે. તો તેનાં અનુસંધાને આ વખતે જાન્યુઆરી મહિનામાં અને મકરસંક્રાંતિ નાં પાવન તહેવાર નિમિતે તા.૧૨/૧/૨૦૨૫ ને રવિવારનાં રોજ સ્થળ:- આદર્શ પ્રાયમરી સ્કુલ, દુબડી પ્લોટ, ગરબી ચોક - જુનાગઢ ખાતે જરૂરીયાતમંદ ૫૫ (પંચાવન) કુટુંબોને વિનામુલ્યે તેલ, ખાંડ, ખીચડી, ચાની ભુકી, ચટણી, હળદર, ધાણાજીરૂ, ચોખાનાં પૌવા, ચણા, ચણાની દાળ, સફેદ વટાણાં, નિમક (મીઠું), કપડાં ધોવાનો સાબુ, ન્હાવાનો સાબુ, કપડાં ધોવાનો પાવડર, માંડવી ની ચીકી, તલ નાં લાડુ, મમરા નાં લાડુ, રાજીગરા નાં લાડુ, પારલે બિસ્કીટ, જીણા બિસ્કીટ એમ કુલ ૨૧ (એકવીસ) આઈટમ આપવામાં આવેલ હતી.

આ અનાજ, ચીકી, મમરાનાં લાડુ અન્ય વસ્તુઓ વિતરણનાં પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જુનાગઢનાં નામાંકિત આગેવાનો જેમાં ગાયત્રી જ્ઞાન મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ - જુનાગઢનાં પ્રમુખ ચંદુભાઈ પટેલ, દાતાર સેવક નરેન્દ્રભાઈ જોષી (બટુકબાપુ), વજુભાઈ ઘકાણ, હરસુખભાઈ પાલા, હર્ષભાઈ ઠાકર, ભાર્ગવભાઈ માંડલીયા, કનૈયાભાઈ, રમણીકભાઈ ચલ્લા, મહિલા અગ્રણીઓમાં તન્વીબેન વૈષ્નવ, પ્રવિણાબેન વાઘેલા, કુમુદબેન ઠાકર, દમયંતિબેન વૈઠા, રેખાબેન સ્વાદીયા, રોહિણીબેન આચાર્ય, દેવીબેન દવે, રમીલાબેન ઘુચલા, ઈન્દુબેન ખાણદર, ચેતનાબેન પંડયા, સ્મિતાબેન ગાલોરીયા, મિતલબેન રાડા, રોશનીબેન ઘુચલા, વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે તમામ ઉપસ્થિત મહેમાનો એ આ સંસ્થાની સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી. આ અનાજ, ચીકી, મમરાનાં લાડુ, અને અન્ય વસ્તુ વિતરણ નાં પ્રસંગે અલગ અલગ દાતાઓનો પુરેપુરો સહકાર મળ્યો હતો. આ સેવાકીય કાર્ય ને સફળ બનાવવાં સંસ્થા નાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલા એ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ ડિવિઝનના ૩ અધિકારીઓ સહિત ૯ રેલવે કર્મચારીઓ તેમના ઉત્તમ કાર્ય માટે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર દ્વારા સન્માનિત

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧૭




પશ્ચિમ રેલ્વે દ્વારા હાલમાં મુંબઈમાં ૬૯મા રેલ સપ્તાહ વિશિષ્ટ રેલ્વે સેવા પુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રએ રાજકોટ ડિવિઝનના ૩ અધિકારીઓ સહિત ૯ રેલ્વે કર્મચારીઓને વર્ષ ૨૦૨૪ માં તેમના સંબંધિત ક્ષેત્રોમાં ઉત્તમ કાર્ય કરવા બદલ કાર્યક્ષમતા ચંદ્રક અને મેરિટ પ્રમાણપત્ર આપીને સન્માનિત કર્યા. પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર દ્વારા જે રાજકોટ ડિવિઝનના ૩ અધિકારીઓને એવોર્ડ આપવામાં આવ્યો તેમાં આર્ય કિર્નેન્દુ કલ્યાણભાઈ (સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર), ઋષભ સિંહ ચૌહાણ (ડિવિઝનલ એન્જિનિયર), હેમંતકુમાર સિંહ કાડિયાન (ડિવિઝનલ ઓપરેશન્સ મેનેજર-ગુડ્સ) અને ૬ કર્મચારીઓમાં કેતન વસા (ડિવિઝનલ કોમર્શિયલ ઈન્સ્પેક્ટર-રાજકોટ), ધરમપાલ કુમાવત (સિનિયર સેક્શન એન્જિનિયર-ટ્રેક્શન), અવનીશ કુમાર (સિનિયર સેક્શન એન્જિનિયર-મિકેનિકલ), કુમારેન્દ્ર સંજીવ સિંહા (સ્ટેશન માસ્ટર-રાજકોટ), વાલજી પુરાણીયા (સિનિયર પોઈન્ટ્સમેન-ઓપરેટિંગ) અને બિક્રાંત કુમાર બ્રિજનંદન પ્રસાદ (ટેકનિશિયન-સિગ્નલ અને ટેલિકોમ, રાજકોટ)નો સમાવેશ થાય છે. રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વિની કુમારે વિશિષ્ટ રેલ્વે સેવા પુરસ્કાર મેળવનારા અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવતા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પોતપોતાના ક્ષેત્રનું કામ સંપૂર્ણ સમર્પણ અને ખંતથી કરવા અપીલ કરી છે જેથી રાજકોટ ડિવિઝન વિકાસના માર્ગ ઉપર નિરંતર આગળ વધતું રહે.

### ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એમ. ફાઉન્ડેશન આયોજિત

# 'અભિવ્યક્તિ -ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ'ની મનમોહક પ્રસ્તુતિઓ સાથે વડોદરામાં ત્રીજી આવૃત્તિની શરૂઆત

## ત્રણ દિવસ ચાલનારી ત્રીજી આવૃત્તિનો આજે ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ થયેલ પ્રારંભ



વડોદરા તા. ૧૭

કલા અને સંસ્કૃતિને લોકભોગ્ય બનાવવા માટેનો લોકપ્રિય મંચ અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ તેની નૃત્ય, સંગીત અને નાટ્યની કેટલીક પ્રશંસિત પ્રસ્તુતિઓ સાથે વડોદારાના આંગણે ફરી એકવાર આવી રહ્યો છે. ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેક્ટ અંતર્ગત વડોદરામાં ૧૭ થી ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન કુલ છ પ્રસ્તૃતિઓ રજુ કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ માં આયોજિત અભિવ્યક્તિની પ્રસ્તૃતિઓને મળેલા જબરદસ્ત પ્રતિસાદ બાદ, વડોદરાના કલા પ્રેમીઓ માટે કલા અને સાંસ્કૃતિક પ્રસ્તૃતિની આ ત્રીજી આવૃત્તિ રજુ કરવામાં આવી રહી છે.

ત્રીજી આવૃત્તિ દરમિયાન નૃત્ય, સંગીત અને રંગમંચની પ્રસ્તુતિઓ રજુ કરવામાં આવશે, જેમાંથી રોજ બે કલાત્મક પ્રસ્તુતિઓ રજુ કરવામાં આવશે. પ્રથમ દિવસે - ૧૭ જાન્યુઆરીના રોજ, નીલકાંતન આઈ કૃષ્ણન દ્વારા કર્ણાટિક સંગીતમય ફ્યુઝન સ્વયમ્: ધ વોઈસ વિધીન રજુ કરવામાં આવશે, તેમજ તુષાર શર્મા દ્વારા ૯૯ ડેઝ નામની હાસ્ય નાટ્ય પ્રસ્તૃતિ રજુ કરવામાં આવશે.

બીજા દિવસે, એટલે કે ૧૮ જાન્યુઆરીના રોજ રજુ થનાર પ્રસ્તૃતિઓમાં મિશાલ ભાટિયાનું ભારતીય સંગીતમય પરફોર્મન્સ પુરૂષાર્થમ રજુ કરવામાં આવશે, તેમજ ગોપાલ અગ્રવાલ અને આકાશ વણઝારા દ્વારા ટેરિટોરિયલ નામનું માર્શલ આર્ટ્સ સાથેનું સમકાલીન નૃત્ય રજુ કરવામાં આવશે.

આવૃત્તિના છેલ્લા દિવસે, એટલે કે ૧૯ જાન્યુઆરીના રોજ અનન્યા વૈદ્ય પોતાની પ્રાયોગિક-આધુનિક લોક નાટ્ય પ્રસ્તૃતિ વહી કહાની, ફિર રજૂ કરશે, ત્યારબાદ સાર્થક દુબે સ્ટ્રીટ ડાન્સ અને હિપ-હોપ શ્રેણીનું પર્ફોર્મન્સ બસ્કનેશન રજૂ કરશે.

તમામ પ્રદર્શન વડોદરાના એલેમ્બિક આર્ટ ડિસ્ટ્રિક્ટ ખાતે યોજાશે અને પ્રવેશ તમામ લોકો માટે નિઃશુલ્ક છે.

આ તમામ રજૂઆતોની થીમ સ્ટોરીઝ ફ્રોમ ધ સોલ રાખવામાં આવી છે અને તમામ પ્રસ્તુતિઓને પ્રખ્યાત કલા ક્યુરેટર્સ દ્વારા ક્યુરેટ કરવામાં આવી છે.

સંગીતમાં કે. સુમંત, રંગભૂમિમાં ચિરાગ મોદી અને નૃત્યમાં માનસી મોદીના ક્યુરેશનમાં આ રજૂઆતો તૈયાર કરવામાં આવી છે, જયારે આ માટે કલા ક્ષેત્રના પ્રખ્યાત નિષ્ણાંતોનું માર્ગદર્શન મેળવવામાં આવ્યું છે જેમાં - રજત ધોળકિયા (સંગીત), સૌમ્ય જોશી (થિયેટર) અને કૃતિ મહેશ (નૃત્ય)નો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૮માં અમદાવાદથી શરુ થયેલો આ અનોખો પ્રોજેક્ટ અભિવ્યક્તિ અમદાવાદ ઉપરાંત રાજકોટ, વડોદરા, અને સુરત સહિતના ગુજરાતના મુખ્ય શહેરોમાં પોતાની કલાને વધુ ને વધુ લોકો સુધી પ્રસરાવી રહ્યો છે.

યુએનએમ ફાઉન્ડેશનની આ પહેલ અંતર્ગત દેશભરમાંથી ૧૯૭૯ કલાકારોએ અભિવ્યક્તિના મંચ પર પોતાની કલા રજુ કરી છે અને અત્યાર સુધી ૬.૧૯ લાખથી વધુ કલાપ્રેમીઓએ આ મંચ પર રજુ થતી કલાની અભિવ્યક્તિનો વિના મુલ્યે લાભ લીધો છે.

# જેસીઆઈ જૂનાગઢ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ મકરસંક્રાંતિની ઉજવણી



જૂનાગઢ, તા.૧૭

મકરસંક્રાંતિની ઉજવણીના ભાગ સ્વરૂપે અલગ અલગ સંસ્થા જેવી કે શિશુમંગલ અનાથ આશ્રમ, અંધ કન્યા છાત્રાલય, ચિલ્ડ્રન હોમ્સ, બહેરા મૂંગા બાળકો અને ઈગલ ગણપતી મંદિર પાસેની ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પતંગ, દોરા ,માંડવીની ચીકી ,તલની ચીકી ,મમરાના લાડુ, તલના લાડુ, બિસ્કીટ, ચોકલેટ, મસાલા ભુંગળા, ટોસપટ્ટી વગેરે જેવી વસ્તુઓની ૨૨૧ થી વધુ પેકેટનુ તથા પતંગ દોરા નુ વિતરણ કરતા બાળકોનો આનંદ ઉત્સાહ જોઈ અમોને પણ આ સેવા પ્રવૃત્તિથી ખૂબ જ આનંદ અને સંતોષ થયો.

આ આયોજનમાં જેસીઆઈ જૂનાગઢના મેન્ટર અરવિંદભાઈ સોની, ડાયરેક્ટર કિશોરભાઈ ચોટલીયાના માર્ગદર્શન મુજબ પ્રમુખ ડો.મોહિત જોષી , મંત્રી જગદીશ મદનાની પૂર્વ પ્રમુખ ચિરાગ કડેચા, ઝોન - ૭ માંથી ઝોન ડાયરેક્ટર વિરલ કડેચા, કેતન ચોલેરા, યતીન કારીયા તથા જૂનાગઢ મત વિસ્તારનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, ડીવાયએસપી હિતેશ ધાંધલીયા, બિલ્ડર્સ વિવેકભાઈ ગોહેલ વગેરે ખાસ ઉપસ્થિત રહી જેસીઆઈની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી અભિનંદન પાઠવેલ. જેસીઆઈ જુનાગઢ પૂરી ટીમ હાજર રહી સફળ બનાવ્યો હતો.

# અદાણી સમૂહની કચ્છ કોપર ઈન્ટરનેશનલ કોપર એસો.માં જોડાઈ

અમદાવાદ, તા.૧૭

અદાણી સમૂહના એક અંગ કચ્છ કોપર લિ. ઈન્ટરનેશનલ કોપર એસોસિએશન (ICA) સાથે તેના સૌથી નવા સભ્ય તરીકે જોડાઈ છે. વિશ્વના કુલ તાંબાનું અડધો અડધ ઉત્પાદનનું પ્રતિનિધિત્વ કરતું અને વોશિંગ્ટન ડી.સી.માં વડું મથક ધરાવતા ICA એક બિન-લાભકારી વેપાર સંગઠન છે, તેના છ ખંડોમાં ૩૩ સભ્યો છે.

ગુજરાતના મુન્દ્રામાં વ્યૂહાત્મક રીતે સ્થિત કચ્છ કોપર એ અદાણી સમૂહની ફ્લેગશિપ ઈન્ક્યુબેટર અદાણી એન્ટરપ્રાઈસિઝની સંપૂર્ણ માલિકીની પેટા કંપની છે. પ્રથમ તબક્કામાં વાર્ષિક ૦.૫ મિલિયન ટન (MTPA)ની પ્રારંભિક ક્ષમતા સાથે કોપર સ્મેલ્ટર સ્થાપિત કરવા માટે અદાણી એન્ટરપ્રાઈઝ અંદાજે $૧.૨ બિલિયનનું રોકાણ કરી રહી છે. અત્યાધુનિક સુવિધાથી સજ્જ કચ્છ કોપર તાંબાના કેથોડ્સ, સળિયા અને અન્ય આડપેદાશોનું પણ ઉત્પાદન હાથ ધરીને તાંબાના ઉત્પાદનમાં ભારતના સ્વનિર્ભર બનવાના લક્ષ્યમાં નોંધપાત્ર યોગદાન આપશે.

કચ્છ કોપરના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. વિનય પ્રકાશ ICAમાં જોડાવા અંગે આશાવાદ વ્યક્ત કરતા કહ્યું કે આગામી દાયકાઓમાં ભારત તાંબા અને તેના ઉત્પાદનો માટે નોંધપાત્ર હબ બનવા માટે સજ્જ છે. ICAમાં કચ્છ કોપરનું સભ્યપદ અમને ટકાઉપણાની પહેલમાં સક્રિયપણે યોગદાન આપવા તેમજ તાંબાના ઉત્પાદન ક્ષેત્રમાં નવીન આયામો અપનાવી અને ઉત્પાદનો વિકસાવવાના માર્ગને સાનુકૂળ બનાવશે એમ અમે માનીએ છીએ.આ આવશ્યક ધાતુ માટે મૂલ્ય કડીને વધારવા માટે નેટ ઝીરોમાં સંક્રમણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા વૈશ્વિક કોપર સમુદાય સાથે સહયોગ કરવા અમે ઉત્સુક છીએ.

આ તકે ICA ના પ્રમુખ અને સી.ઈ.ઓ. જુઆન ઈગ્નાસિયો ડિયાઝે નવી ભાગીદારી માટે અદાણી મેટલ્સ કચ્છ કોપર લિ.ને આ સમુદાયમાં આવકારતાં ઉત્સાહભેર જણાવ્યું હતું કે ટકાઉ અને અવનવા કોપર ઉત્પાદનને આગળ વધારવાના તેમના પ્રયાસો અમારા સામૂહિક મિશનને પ્રોત્સાહિત કરવા,તાંબાની આવશ્યક ભૂમિકાને રક્ષણ આપવા અને વૈશ્વિક ડીકાર્બોનાઈઝેશન માટે જરૂરી ટેકનોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સક્ષમ કરવામાં મજબૂતી બક્ષે છે તેની અમને ખુશી છે.ખાસ કરીને એવા પ્રદેશોમાં તાંબાના વિકાસને બળ આપવા તેના મુખ્ય આયામો વિસ્તરી રહયા છે ત્યારે તેમની હાજરીથી અમે ઉત્સાહિત છીએ.

ICA બોર્ડના ચેરમેન ગ્લેનકોરના સ્ટીફન રોલેન્ડે ઉમેર્યું હતું કે કચ્છ કોપરનું ICAમાં સભ્યપદ ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવા અને કોપર માટે નવા આયામો વિકસાવવા માટેની અમારી પ્રતિબદ્ધતાને તાકાતવાન બનાવે છે. અમે તેમના સહયોગમાં રહી ઉદ્યોગમાં સકારાત્મક પરિવર્તન લાવવાના તેમના પ્રયાસોને સમર્થન આપવા માટે ઉત્સાહિત છીએ.

બીજો તબક્કો સફળ રીતે સંપ્પન્ન થયે તે પહેલા તબક્કાને સમકક્ષ ક્ષમતા ઉમેરશે. કચ્છ કોપર કુલ ૧ MTPA ની ક્ષમતા હાંસલ કરશે, જે તેને સૌથી મોટા સિંગલ-લોકેશન કસ્ટમ કોપર સ્મેલ્ટર્સમાંના એક તરીકે વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરશે.અદ્યતન ટેકનોલોજી અને ડિજીટલાઈઝેશનનો લાભ લેતી વેળા ઉચ્ચ પર્યાવરણીય, સામાજિક અને શાસન (ESG) પ્રદર્શનના ધારા ધોરણો જાળવવા માટે કંપની પ્રતિબદ્ધ છે. કચ્છ કોપર તેની આગળની સંકલિત વ્યૂહરચનાનાભાગરૂપે તેના પોર્ટફોલિયોમાં કોપર ટ્યુબ ઉમેરવા માટે કામ કરી રહ્યું છે.

# અદાણી ફાઉ.દ્વારા ધ્રબ અને ભોપાવાંઢ ગામ બન્યા સોલાર વિલેજ

## કચ્છ જીલ્લાના પ્રથમ સંપૂર્ણ સોલાર ગામ તરીકેનું બિરૂદ પામશે

મુંદ્રા, તા.૧૭



કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાનું ધ્રબ અને ભોપા વાંઢ ગામમાં સૂર્યઘર યોજનાથીસોલાર રૂફટોપ યોજના શરૂ કરવામાં આવી હતી જેમાં મુખ્ય અતિથિ કચ્છ જિલ્લા કલેકટરશ્રી અમિત અરોરા, મુંદરા માંડવી તાલુકાના ધારાસભ્યશ્રી અનિરુદ્ધ દવેઉદ્દઘાટન કર્યું હતું. આ કાર્યક્રમમાં એસ.ડી.એમ. ભગીરથ ઝાલા, તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદી અને સી.એસ.આર. પંક્તિબેન શાહ, અસ્લમભાઈ તુર્ક, સોમાભાઈ રબારી, આશાભાઈ રબારીઉપસ્થિત રહ્યા હતા, મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી ઢોલ શરણાઈથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

રઅદાણી ફાઉન્ડેશન અને ગુજરાત સરકારની સબસીડીના સહયોગથી બંને ગામોમાં સૌર ઊર્જાથી વર્ષે લગભગ ૨ કરોડથી વધારેની બચત કરશે. આ યોજના મારફતે બંને ગામોમાં ૭૫૦ થી વધારે ઘરમાં રૂફટોફ સોલાર સિસ્ટમ લગાવવામાં આવશે અને જેમાં લગભગ ૧૦૦૦ થી વધારે પરિવારો આ યોજનાનો લાભ મળી રહેશે, અને વર્ષે એક પરિવાર લગભગ ૨૫ થી ૩૦ હાજરની બચત કરશે. કચ્છ જિલ્લા કલેક્ટર અમિત અરોરા એ આ યોજના અંગે જણાવ્યું કે આ રૂફટોફ સોલાર અંગે દરેક વ્યક્તિએ સહકાર આપવો જોઈએ આ સૌર ઊર્જાનો કે ગ્રીન એનર્જી યુગ ચાલી રહ્યો છે, ગુજરાતના અન્ય જિલ્લા કરતા કચ્છમાં સૌથી વધારે આ ફાયદો કચ્છ વાસીઓને થાય એ વાસ્તવિક છે, જેથી બધા જ ગ્રામજનોએ આ લાભ લેવો જોઈએ, અને ગામનું એક પણ ઘર બાકીના રહે એ માટે સરપંચશ્રી,આગેવાનો અને ગ્રામવાસીઓને આહવાન કરવામાં આવેલ.

ધ્રબ અને વાંઢ ગામના ૨.૩ દ્રઉ ની સોલાર સિસ્ટમ લગાવવામાં આવશે, જયારે આ યોજનાનો લાભ લેનાર દરેક વ્યક્તિના કનેકશન દીઠ ૪૨૦૦૦ અદાણી ફાઉન્ડેશન મદદ કરશે, ૮૦૦૦ જે તે વ્યક્તિ પોતે આ યોજનામાં ભરવાના આવશે અને ૬૨૫૨૦ ગુજરાત સરકાર ની સબસીડી માળવાપાત્ર થશે, આમ જે ગુજરાતના ત્રીજા નંબરના સંપૂર્ણ સોલાર ગામનું સ્થાન પ્રાપ્ત થશે,

મુન્દ્રા માંડવીના ધારાસભ્યશ્રી એ જણાવ્યું કે "સૂર્ય ઘર યોજના"ને આગળ ધપાવવા દરેક વ્યક્તિ સતર્ક થાય અને યોજનાનો લાભ લઈને ગર્વ અનુભવવું જોઈએ જેવી દરેક ગ્રામ વાસીઓને વિનંતી કરી અને આ મહત્ત્વાકાંક્ષી પ્રયાસ માટે ગ્રામજનોને અભિનંદન આપ્યા હતા.

જયારે સી.એસ.આર. પંક્તિબેન શાહ જણાવેલ કે અદાણી ફાઉન્ડેશન દ્વારા આ એક પાઈલોટ પ્રોજેક્ટ તરીકે આ બે ગામ લેવામાં આવ્યા છે, જેમાં ગામના દરેક વ્યક્તિનું કર્તવ્ય શરુ થાય છે, જેમાં રજીસ્ટેશન થી લઈ ફિટિંગ સુધી દરેક વ્યક્તિ જોડાય આ પ્રોજેક્ટને અગ્રસ્થાન આપી સંપૂર્ણ ગામ આ પ્રોજેક્ટનો લાભ મેળવે એવી વિનંતી કરેલ. કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે વધારાના યુનિટમાંથી વર્ષે લગભગ ૧૫ થી ૨૦ હાજર સુધીની આવક પણ થઈ શકે એવી શક્યતાઓ રહેલી છે, આજરોજ શરૂઆતમાં જ ૧૫૦ થી વધારે ડોક્યુમેન્ટ રજીસ્ટેશન પણ કરવામાં આવ્યું છે, અને કચ્છ જિલ્લાના આ બંને ગામ સંપૂર્ણ સોલાર વિલેજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થશે. સૂર્ય ઘર યોજના જે ઉદાહરણ સ્વરૂપે ગુજરાતમાં મોઢેરા અને મસાલી ગામ આપણી સામે છે, જયારે ગુજરાતના બનાસકાંઠા જિલ્લાનું મસાલી ગામ અને મહેસાણા જિલ્લાનું મોઢેરા બાદ હવે કચ્છ જિલ્લાના ધ્રબ અને વાંઢ સંપૂર્ણ સોલાર ગામનો સમાવેશ થવા જઈ રહ્યું છે.

### કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાના ગુજરાત પ્રવાસ દરમ્યાન

# જૂનાગઢ કોર્પોરેશનની ચૂંટણી અંગે આગામી સપ્તાહે જાહેરાત થવાની વકી



## ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખની વરણીની જાહેરાત બાદ શહેર-જીલ્લા ભાજપ પ્રમુખો જાહેર થશે

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી અંગેની મહત્વની જાહેરાત આવતા સપ્તાહે કરવામાં આવે તેવા નિર્દેશો મળી રહયા છે અને આ સાથે જ જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ તેમજ જીલ્લા ભાજપ પ્રમુખનાં નામની પણ જાહેરાત થાય તેવી શકયતા જોવાઈ રહી છે. જેને લઈને જૂનાગઢ અને સોરઠ પંથકમાં ભાજપનાં વર્તુળોમાં ભારે ઉત્કંઠા જોવાઈ રહી છે.

તાજેતરમાં જ કેન્દ્રનાં ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ગુજરાતનાં પ્રવાસે આવ્યા હતા તેઓની ઉપસ્થિતિમાં ૧૮થી વધુ કાર્યક્રમો યોજાયા હતા અને હવે આગામી રવિવારે કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા ગુજરાત આવી રહયા છે અને તે અંગેની તડામાર તૈયારી હાલ ચાલી રહી છે. રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા જયારે ગુજરાતની મુલાકાતે આવી રહયા છે ત્યારે અનેક નવી બાબતોની મહત્વની જાહેરાતો કરવામાં આવે તેવી શકયતા ભરપુર રહેલી છે. છેલ્લા કેટલાય સમય થયા જૂનાગઢ મહાનગરપાલિકા તેમજ ૭૦ થી વધુ નગરપાલિકાઓની ચૂંટણીઓ બારણે ટકોરા દઈ રહી છે પરંતુ તે અંગેનો સતાવાર કાર્યક્રમ હજુ જાહેર થયો નથી ત્યારે ભારતીય જનતા પાર્ટીનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાની ઉપસ્થિતિ મહત્વની બેઠક યોજાવાની છે અને ગુજરાત પ્રદેશ ભાજપનાં સંગઠન માળખાને લઈને પણ મંત્રણાઓ થવાની છે ત્યારે એવું માનવામાં આવી રહયું છે કે, ગુજરાતનાં જીલ્લા અને શહેર ભાજપનાં મહાનગરોનાં પ્રમુખોની નિમણુંક કરવા બાબતે પણ તેઓનું માર્ગદર્શન મેળવાય તેવી શકયતા છે. બેઠકોનાં આ દોર વચ્ચે એવું પણ માનવામાં આવી રહયું છે કે, સૌપ્રથમ શહેર અને જીલ્લા ભાજપનાં પ્રમુખ પદની વરણી કર્યા પહેલા ગુજરાત પ્રદેશ ભાજપનાં પ્રમુખ પદનાં નામની જાહેરાત કરી નાખવામાં આવે અને ત્યારબાદ શહેર અને જીલ્લાનાં પ્રમુખોનાં નામો જાહેર થાય તેવી શકયતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ કોર્પોરેશનમાં ભાજપની વર્તમાન બોડીની મુદત પુર્ણ થયા બાદ મહાનગરપાલિકાનાં કમિશ્નર તરીકે ડો. ઓમપ્રકાશનાં માર્ગદર્શન હેઠળ કોર્પોરેશનનો વહીવટ સોંપવામાં આવ્યો છે અને કમિશ્નર ડો.ઓમપ્રકાશ દ્વારા પ્રજાલક્ષી કાર્યો કરવામાં આવી રહયા છે. બીજી તરફ જૂનાગઢ કોર્પોરેશનની આગામી ચૂંટણી લડવા માટેની તૈયારીઓ પણ રાજકીય પક્ષો દ્વારા તેમજ કેટલાક સંગઠનો દ્વારા અને અપક્ષો પણ આ ચૂંટણીમાં ઝંપલાવવા માટે સજજ બની ગયા છે. તો બીજી તરફ ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ જૂનાગઢ કોર્પોરેશનનું શાસન કબ્જે કરવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ બધી જ તૈયારી વચ્ચે એક માત્ર રાહ જોવાઈ રહી હોય તો તે કોર્પોરેશનની ચૂંટણી અંગેની જાહેરાત બાબત છે. અને આ આતુરતાનો આગામી દિવસોમાં એટલે આવતા સપ્તાહમાં અંત આવે તેવી શકયતા છે. સૌપ્રથમ ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખનાં નામની જાહેરાત તેમજ શહેર જીલ્લા ભાજપનાં પ્રમુખપદની જાહેરાત અને આ સાથે જ જૂનાગઢ કોર્પોરેશનની ચૂંટણી તેમજ ૭૦થી વધુ નગરપાલિકાઓની ચૂંટણીઓની જાહેરાત થવાની શકયતા જોવાઈ રહી છે અને આગામી રવિવારે કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાનાં ગુજરાતનાં પ્રવાસ અંગે સંબંધીત તમામની મીટ મંડાયેલી છે.

# ભવનાથના ત્રણ સંતોની મહાકુંભ મેળામાં ઉમદા અને પ્રસંશનીય કામગીરી







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢના ભવનાથ તીર્થક્ષેત્રમાં વિવિધ સેવાકીય અને ધાર્મિક પ્રવૃતિ સાથે શિવરાત્રી અને પરિક્રમાના મેળામાં પણ ભાવિકો માટેની ખુબ જ સરસ વ્યવસ્થા તેમજ ભોજન-પ્રસાદનું આગવું આયોજન કરનારા ભવનાથ તળેટીના ત્રણ વરિષ્ઠ સંતોએ મહાકુંભના મેળામાં પણ પ્રસંશનીય કામગીરી કરી રહ્યા છે અને હજારો ભાવિકો તેનો લાભ લઈ રહ્યા હોવાનું જાણવા મળે છે. ઉત્તરપ્રદેશના બનારસ ખાતે મહા કુંભમેળો યોજાઈ રહ્યો છે. ૧૨ વર્ષ બાદ મહાકુંભ મેળો યોજાઈ રહ્યો છે. આ મેળામાં દેશ-વિદેશથી સાધુ, સંતો, મહામંડળેશ્વરો આવ્યા છે. દરમ્યાન જૂનાગઢના ભવનાથની જગ્યાના ત્રણ સંતોએ પણ મહા કુંભમેળામાં જઈ અનોખા આયોજન કર્યા છે. ગુરૂ ગોરક્ષનાથની જગ્યાના મહંત શેરનાથ બાપુ, મુચકુંદ મહાદેવ મંદિરના મહંત મહેન્દ્રાનંદગિરી મહારાજ અને ભારતી આશ્રમના મહંત હરિહરાનંદ ભારતી બાપુ દ્વારા મહા કુંભમેળામાં ઉતારા ઉભા કરાયા છે. આ ઉતારામાં રહેવા,જમવાની વ્યવસ્થા છે. સાથે કથા, લોકડાયરાની પણ રમઝટ બોલી રહી છે. અહિં મહામંડળેશ્વરો પણ બનાવાયા છે. વર્ષોથી સેવા કરનાર શિષ્યોને હજજારોની સંખ્યામાં સંતો, મહંતોની ઉપસ્થિતીમાં મહામંડળેશ્વરો બનવાયા છે. એ સાથે તેઓ સનાતન ધર્મની રક્ષા માટે વધુ કાર્યરત રહેશે. આમ, બનારસના મહા કુંભમેળામાં જૂનાગઢના સંતોનું પણ અનેરૂં યોગદાન રહ્યું છે. વધુમાં મળતી વિગત પ્રમાણે સેકટર ૧૬, હર્ષવર્ધન પાર્કમાં ૨૦ વિઘામાં જગતગુરૂ ગર્ગાચાર્ય ગિરીનારી શિબીર બનાવાઈ છે. અમૃતસ્નાન બાદ અહિં અન્નક્ષેત્રમાં દરરોજ ૭થી ૮ હજાર લોકો પ્રસાદ લે છે. રસોઈ બનાવવા માટે ૪૦ની ટીમ છે અને બાકીની વ્યવસ્થા માટે ૪૦૦ સ્વયં સેવકોની ટીમ કાર્યરત છે. અહિં ૧,૦૦૦થી વધુ સાધુ, સંતોની ઉપસ્થિતીમાં સ્નેહલગીરીજી મહારાજને તેમજ મનિષાગિરિજી મહારાજને શ્રીપંચ દશનામ જૂના અખાડા દ્વારા મહામંડળેશ્વરનું પદ અપાયું છે. જ્યારે આચાર્ય મહામંડળેશ્વર અવધેશાનંદગિરી મહારાજે પટ્ટાભિષેક કર્યો હતો. જૂના અખાડા દ્વારા લોક સાહિત્યકાર માયાભાઈ આહિરને શ્રેષ્ઠ સાહિત્ય ભૂષણ અને મોગલધામ ભાયલાના ટ્રસ્ટી દિલીપસિંહજીને સેવા ભૂષણથી સન્માનિત કરાયા છે. અહિં દવાખાનામાં ફ્રી ચેકઅપ, સારવાર અને દવા અપાય છે તેમ મહેન્દ્રાનંદગિરી મહારાજ, જગતગુરૂ ગર્ગાચાર્ય પિઠાધિશ્વર દ્વારા જણાવેલ છે. બનારસમાં આવેલ સેકટર નંબર ૧૬માં હર્ષવર્ધન રોડ ઉપર ૧ વિઘા જમીનમાં મહામંડળેશ્વર નગર બનાવાયું છે જેમાં ભારતી આશ્રમ કેમ્પ છે. અમારા બ્રહ્મલીન ગુરૂ મહામંડળેશ્વર વિશ્વંભર ભારતી બાપુના આશીર્વાદથી આ સેવા કાર્ય કરાઈ રહ્યું છે. અહિં ગુજરાતથી આવતા ભાવિકો માટે રહેવા, જમવાની ફ્રી સુવિધા પુરી પડાઈ રહી છે. અહિં દરરોજ ૫૦૦ થી ૭૦૦ ભાવિકો ભોજન પ્રસાદ લઈ રહ્યા છે. તેમના ભોજન, રહેઠાણની વ્યવસ્થા માટે ટીમને કાર્યરત કરાઈ છે. આમ, ગુજરાતભરમાંથી આવનાર શિષ્યો,ભાવિકોને કોઈ મુશ્કેલી ન પડે તેવું આયોજન કરાયું છે. જ્યારે અમારા બે શિષ્યોને મહામંડળેશ્વર બનાવાયા છે. આમાં રૂદ્રભારતી બાપુને બાબરા (અમરેલી) આશ્રમના મહામંડળેશ્વર અને ચંદ્રેશ્વર ભારતી બાપુને સુરત આશ્રમના મહામંડળેશ્વર બનાવાયા છે. આ તકે મોટી સંખ્યામાં સંતો, મહંતો, મહામંડળેશ્વરોની ઉપસ્થિતી રહી હતી તેમ હરિહરાનંદ ભારતી બાપુએ જણાવેલ છે.

### આવનારા ભાવિકો માટે ભજન, ભોજન, ભક્તિ માટેની આગવી વ્યવસ્થા કરાઈ

ભવનાથ ખાતે આવેલ ગોરક્ષનાથ આશ્રમના મહંત પીર યોગી પૂ. શેરનાથ બાપુ તેમજ સમસ્ત નાથ સંપ્રદાય દ્વારા સેકટર નંબર ૧૯માં ૨૦૦ જેટલા ટેન્ટ અને ૪ મોટા ડૂમ બનાવાયા છે. ૧ ડોમ ભોજન માટે, બીજો ડોમ સંતોના નિવાસ માટે, ત્રીજો ડોમ કથા માટે અને ચોથો ડોમ ભક્તો માટે છે. જ્યારે ૨૦૦ જેટલા વીઆઈપી ટેન્ટ બનાવાયા છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અને યોગી મહાસભાના અધ્યક્ષ યોગી આદિત્યનાથની હાજરીમાં આ સેવા કાર્ય ચાલી રહ્યું છે. હરિયાણા, રાજસ્થાન, યુપી, બંગાળ,નેપાળ તેમજ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં નાથ સંપ્રદાયના સંતો, મહંતો તેમજ સેવકો આવી રહ્યા છે. દરરોજ હજ્જારો ભાવિકોને ભોજન લઈ રહ્યા છે. સાથે રાજસ્થાનના હીંગળાના નાથ સંપ્રદાયના મહેન્દ્રનાથજી દ્વારા ગોરક્ષનાથ કથા, શિવ મહાપુરાણ કથા, શ્રીમદ ભાગવત કથા, રામાયણ વગેરેનું રસપાન કરાવાઈ રહ્યું છે.જ્યારે બીરજુ બારોટ, પિયુષ મિસ્ત્રી સહિતના નાના મોટા કલાકારો દ્વારા લોક ડાયરાની જમાવટ કરાઈ રહી છે તેમ પૂ. શેરનાથ બાપુએ જણાવ્યું હતું.

## જૂનાગઢ શહેરમાં પવનના સૂસવાટા સાથે ઠાર : ગિરનાર ૬.૩ ડીગ્રી



જુનાગઢ તા. ૧૭

તાપમાનમાં બીજા દિવસે પણ વધારો થવાના કારણે ગિરનાર પર ૬.૩ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

છેલ્લા બે દિવસથી લઘુતમ તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે સવારે ગિરનાર પર્વત પર તાપમાન ઘટીને ૬.૩ ડીગ્રી થતા સમગ્ર પર્વતીય વિસ્તારમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું.

આ જ પ્રમાણે જુનાગઢ શહેરમાં પણ ગઈકાલની સરખામણીએ આજે સવારે લઘુતમ તાપમાનમાં ૪.૫ ડિગ્રીનો વધારો થઈને ૧૧.૩ ડિગ્રી નોંધાતા જુનાગઢ સહિત સોરઠમાં તીવ્ર ઠંડી અનુભવાય હતી.

આજે સવારે ઠંડી વધવાની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૩ ટકારહેતા ઠંડી વધુ કાતિલ બની હતી અને સાથે સાથે વહેલી સવારે ધુમસનું પ્રમાણ આક્રમણ થયું હતું.

ઠંડી અને ભેજ વધવા ઉપરાંત સવારથી ૧૦.૩ કિલોમીટરની ઝડપે ઠંડો પવન પણ ફૂકાતા વાતાવરણ વધુ બરફીલું થઈ ગયું હતું.

## જૂનાગઢના ઝાંઝરડામાં રોડથી દોઢ ફૂટ ઉંચી ફૂટપાથથી લોકોને ભારે મુશ્કેલી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ વિસ્તારમાં રોડથી દોઢ ફૂટ ઉંચી ફૂટપાથ બનાવી દેવાતા સ્થાનિક લોકોની હાલાકીમાં ભારે વધારો થયો છે. રોડ અને ફૂટપાથ વચ્ચે લેવલના અભાવે રાહદારીઓ તેમજ વાહન ચાલકોને અકસ્માત થવાની ભીતિ રહે છે.

આ અંગે સ્થાનિક લોકોએ જણાવ્યુંછે કે, ઝાંઝરડા રોડ મેઈન રોડ નજીક આવેલી શેરી નંબર ૧૫ પાસે રોડ અને ફૂટપાથ વચ્ચે લેવલ રાખવાના બદલે ખાસ્સું અંતર રાખી દેવાયું છે. રોડથી ફૂટપાથનું અંતર અંદાજે દોઢેક ફૂટ ઉંચું છે. પરિણામે ખાસ કરીને રોડ પરથી શેરીમાં આવનાર રાહદારીઓને તેમજ વાહન ચાલકોને અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે.

આ ઉપરાંત અહિં જે ગેપ પડે છે તેમાં અવાર નવાર પાણી ભરાય છે. આ પાણીના કારણે ગંદકી પણ ફેલાય છે. જ્યારે આ કામગીરી થતી હોય છે ત્યારે યોગ્ય રીતે સુપરવિઝન થવું જોઈએ તો આવી સ્થિતી ન સર્જાય. પરંતુ શહેરમાં મોટાભાગના થતા કામોમાં સુપરવિઝનનો અભાવ જોવા મળે છે. પરિણામે કારીગરો કે જે તે એજન્સી લોટ, પાણીને લાકડા જેવી કામગીરી કરીને જતી રહે છે. આવી કામગીરીના કારણે સ્થાનિક લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ત્યારે મહાનગરપાલિકા દ્વારા આ મામલે તપાસ કરવામાં આવે અને રોડ અને ફૂટપાથ વચ્ચે સર્જાયેલા અંતરને દૂર કરી લેવલ કરાવી તત્કાલ કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

## મેંદરડા - હરીપુર રોડ પર બાઈક સ્લીપ થતા ચાલકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

મેંદરડાના હરીપુર રોડ પર મોટર સાયકલ સ્લીપ થતા ચાલકનું મોત થયાનું મેંદરડા પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસ મથકે મોહનભાઈ ચુંદીયાભાઈ મુંડાએ જાહેર કરેલ કે મરણ જનાર મુસ્કુભાઈ બુધ્ધુભાઈ ઉરાવ(ઉ.વ.૫૦)ફરીયાદીના ફાર્મની મોટર સાયકલ નં.જીજે-૧૧-સીએફ-૮૯૫રવાળી લઈને પોતાના સાળા પાસે પૈસા લેવા ગયેલ અને પૈસા લઈ પરત આવતા હોય દરમ્યાન હરીપુર રોડ પર મોટર સાયકલ પરથી કાબુ ગુમાવતા મોટર સાયકલ સ્લીપ થતા શરીરે ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢ અને વંથલી પંથકમાં અપમૃત્યુના બે બનાવો નોંધાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ અને વંથલીના ખુંભડી ગામે અપમૃત્યુના બે બનાવો નોંધાયા છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે ડો.પ્રીયા જાદવે જાહેર કરેલ કે મૃતક સવીતાબેન ભીખાભાઈ ચાવડા(ઉ.વ.૮૫)રહે.જૂનાગઢવાળાઓ કોઈ બીમારી સબબ સારવાર દરમ્યાન જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે મરણ ગયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. તેમજ વંથલી પોલીસ મથકે દેવાભાઈ રાજાભાઈ જીલડીયાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પત્ની રામીબેન(ઉ.વ.૭૫)એ કોઈ કારણોસર પોતાના ઘરે એસીડ પી લેતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

## કાજલી ગામના નિવાસી રાજેશ સામતભાઈ ભજગોતરને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા "મહાત્મા ફુલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડમાં પસંદગી



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૭

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના કાજલી ગામના નિવાસી રાજેશ સામતભાઈ ભજગોતરને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા "મહાત્મા ફુલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ ૨૦૨૪ - ૨૦૨૫" માટે પસંદગી કરવામાં આવી છે. રાજેશ ભજગોતરની વાત કરીએ, તો રાષ્ટ્રવાદી, નિડર, નિષ્ઠાવાન અને નિષ્પક્ષ પત્રકાર તરીકે જાણીતા થયેલા છે. તેઓ સમાજ ઉપયોગી દરેક કાર્યમાં હંમેશા આગળ રહે છે તેમજ ડો. બાબાસાહેબ આંબેડકરના અભ્યાસુ એવા એક અને આંબેડકર વિચારધારા ફેલાવવામાં પાયાની ભૂમિકા ભજવે છે. ડો. બાબાસાહેબ આંબેડકરે કહેલા કથન પ્રમાણે "શિક્ષિત બનો, સંગઠીત બનો અને સંઘર્ષ કરો"ના સૂત્રને સાર્થક કરી સમાજના હિત માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેઓ ઉચ્ચશિક્ષણની લાયકાતો પ્રાપ્ત કરેલ છે. જેમાં **BSW, MSW, BJMC, MJMC, LLB, LLM,** સુધી અભ્યાસ કરેલ છે. છેલ્લા દસ વર્ષથી તેઓ સામાચારપત્રોમા નિડર અને નિષ્ઠાથી પત્રકાર તરીકે સેવા આપે છે. દૈનિક સમાચારપત્ર અને ન્યૂઝ ચેનલ સાથે તેઓ જોડાયેલા છે. ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારોને લોકો સુધી પહોંચાડવામાં તેમજ સામાજિક સમરસતા જળવાઈ રહે તેવી રીતે તમામ સમાજના પ્રશ્નોને વાચા આપેલ છે, તેમને ગુજરાત સરકારનો "મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ" મળતા ખુબ ખુબ અભિનંદન સાથે શુભેચ્છાઓ.

## લાંબી પ્રતિક્ષા બાદ આખરે મહાકુંભ સ્પેશિયલ ટ્રેનને જૂનાગઢમાં પાંચ મિનિટનો સ્ટોપ અપાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

રેલવે વિભાગે મહાકુંભ મેળા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. વેરાવળ-બનારસ વચ્ચે દોડતી સ્પેશિયલ ટ્રેનને હવે સંતોની ભૂમિ જૂનાગઢમાં સ્ટોપેજ મળશે. સાંસદ રાજેશ ચુડાસમાની ૯ જાન્યુઆરી, ૨૦૨૫ની રજૂઆત બાદ રેલવે વિભાગે આ નિર્ણય લીધો છે. વેરાવળથી બનારસ જતી ટ્રેન નંબર ૦૯૫૯૧ ૨૨ ફેબ્રુઆરીથી શરૂ થશે અને રાત્રે ૨:૫૦ કલાકે જૂનાગઢમાં પાંચ મિનિટ રોકાશે. બનારસથી પરત ફરતી ટ્રેન નંબર ૦૯૫૯૨ ૨૪ ફેબ્રુઆરીએ પ્રસ્થાન કરશે અને ૨૬ ફેબ્રુઆરીએ સવારે ૭:૨૭ કલાકે જૂનાગઢમાં પાંચ મિનિટ માટે થોભશે.

આ નિર્ણયથી જૂનાગઢના સાધુ-સંતો અને ભાવિકોને મહાકુંભમાં જવા માટે સીધી રેલ સુવિધા મળશે. અગાઉ ટ્રેન જૂનાગઢથી પસાર થતી હોવા છતાં સ્ટોપેજ ન મળતા સ્થાનિક લોકોમાં નારાજગી હતી.

## દ્વારકામાં યુવતી સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ : ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

દ્વારકા વિસ્તારમાં રહેતી એક યુવતી સાથે રાત્રિના સમયે બળજબરીપૂર્વક બાથરૂમમાં દુષ્કર્મ ગુજારવા સબબની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ અંગેની જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દ્વારકા પંથકમાં રહેતી એક યુવતી ગઈકાલે ગુરુવારે તેણીના ઘરે હતી, ત્યારે વિપુલ દિનેશભાઈ બારાઈ નામના ૪૧ વર્ષના શખ્સએ રાત્રિના આશરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં તેણી સાથે અડપલા કર્યા હતા. આ પછી આરોપી વિપુલ દ્વારા તેણીની છેડતી કરી અને આબરૂ લેવાના ઈરાદાથી તેણીના કપડા ઉતારી અને બળજબરીપૂર્વક બાવડું પકડીને બાથરૂમમાં લઈ ગયો હતો. આ પછી અહીં આરોપીએ તેણીની ઈચ્છા વિરુદ્ધ તેણી સાથે દુષ્કર્મ ગુજાર્યું હોવાનું પોલીસમાં જાહેર થયું છે. આ સમગ્ર બનાવ અંગે દ્વારકા પોલીસે આરોપી વિપુલ દિનેશભાઈ બારાઈ સામે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. એ.બી. જાડેજા દ્વારા હાથ ધરવામાં આવી છે.

## મજેવડી દરવાજાની ઘટનામાં વધુ એક શખ્સની ધરપકડ કરાઈ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ શહેરના મજેવડી દરવાજાની ઘટનાનાં વધુ એક આરોપીને એ- ડિવિઝન પોલીસે ઝડપી લઈ ક્રાઈમ બ્રાન્ચના હવાલે કર્યો હતો. એ- ડિવીઝન પોલીસ સ્ટેશનના ગુના નિવારણ શાખાના પીએસઆઈ વાય.એન. સોલંકી સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન ગુરૂવારે શહેરના કુંભાર વાળામાં ભાટીયા ધર્મશાળા રોડ ઉપર હનુમાન મંદિર સામે રહેતો હમિદ હનિફ માલવીયાની ધરપકડ કરી હતી. પુછપરછમાં શખ્સ વિરૂધ્ધ ૧૬ જુન ૨૦૨૩ના રોજ શહેરમાં મજેવડી દરવાજા પાસે પોલીસ ઉપર હુમલો સહિત હત્યા, હત્યાની કોશિશનો ગુનો નોંધાયો હતો. પરંતુ દોઢ વર્ષથી ફરાર હતો અને ગુરૂવારે એ-ડિવિઝન પોલીસે પકડી લઈ ક્રાઈમ બ્રાન્ચને વધુ તપાસ માટે સોપી આપ્યો હતો. આ સાથે મજેવડી દરવાજાની ઘટનામાં ધરપકડનો આંક વધીને કુલ ૧૬૪ ઉપર પહોંચ્યો છે.